સુવિચાર

ખોટી વાહ વાહ મેળવવા વ્યકિત સામાજીક પ્રસંગોએ આડેધડ પૈસા ખર્ચે છે અને દેવું કરે છે, અર્થ વગરની વાહ વાહ ખોટી છે.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૯/૧૦/૨૦૨૪, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૦ આસો સુદ-૬ વર્ષ : ૧૫ અંક : ૨૫૨

પથરી - પ્રોસ્ટેટ - કીડનીની તકલીફ ?
ફ્રી નિદાન કેમ્પ...
ફ્રી ઓપરેશન...
નોંધઃ હોસ્પિટલમાં સોનોગ્રાફી ફ્રિ કરી આપવામાં આવશે.
જરૂરીયાતમંદ દર્દીઓને દવાઓ ફ્રિ આપવામાં આવશે.
ડો.જય માકડીયા
યુરોલોજીસ્ટ
તારીખ : ૧૦-૧૦-૨૦૨૪,ગુરૂવાર
સમય બપોરે ૦૩:૦૦ થી ૦૫:૦૦
Prostate Cancer
કીડની
પ્રોસ્ટેટ
પથરી
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,મો.૯૯૭૮૨ ૨૩૦૦૦

## સ્વચ્છતા અભિયાનનાં માહોલમાં મહત્વનાં સ્થળોએ ગંદકીની જમાવટ

# સિવિલ હોસ્પિટલ, તાલુકા પંચાયત અને પંચાયત કવાર્ટરમાં બેફામ ગંદકી

- હોસ્પિટલનાં રસોડાંની પાછળની બાજુમાં ગટરનાં ગંધાતા પાણી અને ગંદકીનાં ગંજ જોવા મળી રહ્યા છે
- ગરીબ દર્દીઓ માટેનું ભોજન જયાં બનાવવાનું હોય તે સ્થળે તો સફાઈ હોવી જરૂરી
- રેડક્રોસ નજીક આવેલ પંચાયતનાં બંધ કવાર્ટર આસપાસ પણ બેફામ ગંદકીનો માહોલ
- તાલુકા પંચાયત કચેરીમાં એક મહિનાથી સફાઈ કાર્ય જ કરવામાં આવ્યું નથી



અમરેલી, તા. ૮
અમરેલીશહેરસહિતસમગ્ર જિલ્લામાંગાંધીજયંતીનાંપવિત્રદિવસથી સ્વચ્છતાઅભિયાનશરૂ કરવામાં આવ્યું છે. પદાધિકારીઓ અને અધિકારીઓ પણસ્વચ્છતાકાર્યકરતાંજોવામળીરહ્યા છે તેવા સમયે અમરેલીનાં મહત્વનાં અનેકસ્થળોએબેફામગંદકીનોમાહોલ જોવામળીરહ્યોછે.

અનુસંધાન પાના ૬ ઉપર

### ''અમરેલી એસક્પ્રેસ''માં અહેવાલ પ્રસિધ્ધ થતાં જ

# બગસરનાં એસ.ટી. ડેપોમાં પાંચ દિવસથી બંધ થયેલ પુછપરછ વિભાગનો લેન્ડલાઈન ફોન શરૂ

### મુસાફરવર્ગમાં અહેવાલને લઈને અહોભાવની લાગણી



તસ્વીર : સમીર વિરાણી-બગસરા

''અમરેલી એકસપ્રેસ''માં રવિવારનાં અંકમાંઅહેવાલનાંમાધ્યમથીએસ.ટી. ડેપોનાંવિભાગદ્વારાડેપોમેનેજરની

અનુસંધાન પાના ૬ ઉપર

બગસરા, તા. ૮
બગસરામાં એસ.ટી. ડેપો ઈન્કવાયરીમાં છેલ્લા પાંચ-છ દિવસ થયા ફોન માટે પુછપરછ વિભાગમાં ડબલુંબંધહોવાથીલોકોનેભારેમુશ્કેલીનો સામનો કરવો પડયો હતો. ત્યારે

### વાયબ્રન્ટ અને ગતિશીલ ગુજરાતમાં ગતિ જેવુ જોવા મળતુ નથી

## લ્યો બોલો : બગસરાના એસ.ટી. ડેપોમાં એસ.ટી. રૂટની પુછપરછ કચેરીનાં ફોન પાંચ દિવસથી બંધ

### મુસાફરોએ અનેક વખત મેનેજરને રજુઆત કરી છતાં પરિણામ શુન્ય

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
67,600/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૮/૧૦/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

ખુબ ખુબ અભિનંદન સહ
હાર્દિક શુભેચ્છાઓ



બાબરા નાગરીક બેંકમાં લોહાણા સમાજનાં ગૌરવ એવા ''શ્રી હસુભાઈ નંદલાલભાઈ પોપટ'' ની ચેરમેન તરીકે બીનહરીફ અને સર્વાનુમતે વરણી થતાં ખુબ ખુબ અભિનંદન સહ શુભેચ્છાઓ....
આપ સહકરી ક્ષેત્રે ખુબ પ્રગતિનાં સોપાન સર કરો તેવી મંગળ કામનાઓ સાથે ફરી શુભેચ્છાઓ..

શ્રી હસુભાઈ એન.પોપટ
ચેરમેનશ્રી : નાગરીક બેંક - બાબરા

: શુભેચ્છક :
શ્રી દિનેશભાઈ પોકિયા - શ્રી પ્રકાશભાઈ પોકિયા
પોકિયા એગ્રો સેન્ટર - બાબરા
મુ. બાબરા, જી. અમરેલી

## નાના બાળકોનાં આરોગ્ય ઉપર ગંભીર ખતરો ઉભો થાય તેવી ઘટના

# બાબરાનાં ઈંગોરાળામાં પ્રાથમિક શાળા નજીક બેફામ ગંદકી

**સ્થાનિક ગામ પંચાયતનાં શાસકોએ સ્વચ્છતા અભિયાન શરૂ કરવું જરૂરી**

**તાલુકા, જિલ્લા, વિધાનસભા અને લોકસભાનાં સદસ્યોએ ગંભીરતા લેવી જરૂરી**

**દરેક ગામને ગોકુળિયા બનાવવા માટેનું અભિયાન શરૂ થવું જોઈએ**

**''જયાં સ્વચ્છતા ત્યાં પ્રભુતા'' કહેવતને સાર્થક કરવા સૌ કોઈ એક અને નેક બને**






અમરેલી, તા. ૮

બાબરાનાં ઈંગોરાળા ગામે પ્રાથમિક શાળા નજીક હંમેશા ગંદકીનાં ગંજ જોવા મળી રહ્યા છે. અમરેલી જિલ્લામાં શરૂ થયેલ સ્વચ્છતા અભિયાન નાના એવા ગામ સુધી પહોંચ્યુ નથી તેવું સ્પષ્ટ જોવા મળી રહ્યું છે.

ઈંગોરાળા ગામનાં મહત્વનાં વલારડી, ચમારડી તરફ જતાં તેમજ ચિતલ તરફ જતાં માર્ગ ઉપર હંમેશા ગંદકી જોવા મળે છે અને આશ્ચર્યજનક બાબત એ છે કે માર્ગને અડીને પ્રાથમિક શાળા હોય નાના બાળકોનાં આરોગ્ય પર ખતરો ઉભો થયો છે.

ઈંગોરાળા ગામે જળ સંગ્રહની ઉમદા કામગીરી કરવામાં આવી છે. મહાકાય ચેકડેમ પણ બનાવાયા છે પરંતુ ગંધાતા પાણીનાં નિકાલ અર્થે ભૂગર્ભ ગટરની કોઈ વ્યવસ્થા જોવા મળતી નથી.

સ્થાનિક ગ્રામ પંચાયતનાં સદસ્યો તેમજ તાલુકા, જિલ્લા, વિધાનસભા અને લોકસભાનાં સદસ્યે એક વખત સામૂહિકરૂપે સ્વચ્છતા અભિયાન કરીને ગામને ગોકુળિયુ બનાવી દેવાની જરૂર છે.

---

### ગામનાં એક વ્યકિતએ ભીલા–ભીલડી વચ્ચે ધમકાવ્યો

## ચિતલ ગામનાં ચિન્મય નાડોદા નામનાં યુવકને ધોકા મારીને મોબાઈલ લૂંટી લેવાયો

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૮

અમરેલી તાલુકાના ચિતલ ગામે રહેતા ચિન્મય મનસુખભાઈ નાડોદા નામનાં ર૯ વર્ષિય યુવક ગત તા. ૬ ના શરૂ રાત્રીના એક વાગ્યે પોતાના ઘરની બહાર ઉભા હતા ત્યારે તે જ ગામે રહેતા આરોપી સત્યદિપસિંહ પદુભા સરવૈયાએ પોતાના હવાલાવાળુ મોટર સાયકલ લઈને આવી યુવકને કામ છે તેમ કહી પાછળ બેસાડી ચિતલ ગામેથી ભીલા અને ભીલડી ગામ વચ્ચે જાહેર માર્ગ પર લઈ જઈ યુવકને ૧૦ થી ૧૫ ધોકા મારી યુવક પાસે રૂપિયા ૧૦,૦૦૦ની માંગણી કરતા યુવક પાસે પૈસા ન હોય જેથી યુવકે પૈસા આપવાની ના પાડતા યુવકનો મોબાઈલ ફોન લુંટી લઈ નાસી ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાયેલ છે.

---

### ''એક પેડ મા કે નામ'' અંતર્ગત

## બાબરા ખાતે ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ દ્વારા ખેલૈયાઓને વૃક્ષારોપણ કરવા હાંકલ

**બાળાઓને કુંડા અને રોપાનુ વિતરણ કર્યુ**

બાબરા, તા. ૮

બાબરામાં ચેમ્બર ઓફ કોર્મસના પ્રમુખ મુન્નાભાઈ મલકાણ દ્વારા દર વર્ષે સામુંદ્રીમાતાના મંદિરમાં નવરાત્રિનું ભવ્ય આયોજન કરવામાં આવે છે. જેમાં દરરોજ ખેલૈયાઓને લ્હાણી આપવામાં આવે છે. આ વર્ષે મુન્નાભાઈ મલકાણ દ્વારા અખંડ ભારત દેશના માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ના વિચારોને મૂર્તિમંત કરવા પર્યાવરણને અનુલક્ષીને પોતાનો વૃક્ષ પ્રેમ અનેરી રીતે દર્શાવ્યો છે. મુન્નાભાઈ મલકાણ દ્વારા આ વર્ષે ખેલૈયાઓને ૩૫૦ કુંડા સાથે રોપાનું વિતરણ કરી સમાજમાં વધુને વધુ વૃક્ષો ઉછેરવામાં આવે તે માટે અનેરી હાકલ કરી સમાજ સેવાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરૂ પાડેલ છે. આબાલવૃધ્ધ સૌ માટે રાસ ગરબા રમવાની વ્યવસ્થા સામુન્દ્રી માતાના સાંનિધ્યમાં પૂરી


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

પાડવામાં આવે છે. અહિં દરરોજ માતાના મંદિરમાં આવનાર સૌ માટે નાસ્તાનું આયોજન કરવામાં આવે છે. મોડી રાત સુધી આશરે ૩૫૦ ખેલૈયાઓ જેમાં ર વર્ષથી લઈને ૭૦ વર્ષ સુધીના ખેલૈયાઓ પ્રાચીન રાસ–ગરબા લઈ માં દુર્ગાની આરાધના કરે છે. બાબરા શહેરના સમાજસેવક અને આગેવાન એવા મુન્નાભાઈ મલકાણ દ્વારા નવરાત્રિનું ભવ્ય આયોજન કરવામાં આવે છે.

---

## લીલીયામાં અક્ષરધામ સોસાયટીમાં નવરાત્રીનું આસ્થાભેર આયોજન



લીલીયા, તા. ૮

લીલીયાના અક્ષરધામ સોસાટીના રહીશો દ્વારા નવરાત્રી પર્વની ધામધુમ પુર્વક ઉજવણી કરવામાં આવી રહી છે બહેનો દ્વારા પ્રાચીન અર્વાચીન ગરબા ની રમઝટ બોલાવવામાં આવી રહી છે. ગરબી મંડળ દ્વારા અલ્પહારની વ્વસ્થા કરવામાં આવી રહી છે. સમગ્ર આયોજન સ્વંસોસાયટી પ્રમુખ દિલીપભાઈ સોળીયાના માર્ગદર્શન તળે સુભાષભાઈ પરમાર, દિનેશબાપુ અગ્રાવત, પ્રવિણભાઈ, ઉંઝાભાઈ શિંગાણા, વિજયબાપુ વાઘણીયા સહીતના યુવાનો નવરાત્રી પર્વ ધામધુમ પુર્વક ઉજવવા જહેમત ઉઠાવી રહયા છે.

---

## જાફરાબાદના તમામ ટીબી પેશન્ટને ન્યુટ્રિશન કિટ વિતરણ


તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

જાફરાબાદ, તા. ૮

જાફરાબાદના સરકારી હોસ્પિટલ ખાતે અલ્ટ્રા ટેક સિમેન્ટ કંપની દ્વારા જાફરાબાદ તાલુકાના તમામ ટીબી પેશન્ટ ને દતક લિધેલ છે. પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અંતગર્ત જાફરાબાદ તાલુકાના તમામ ટીબી પેશન્ટ ને ન્યુટ્રિશન કિટ વિતરણ કરવામાં આવિ. તેમજ પેશન્ટ મીટીંગનું આયોજન કરવામાં આવ્યું. તાલુકા હેલ્થ ઓફિસર ડો. ટાકના માર્ગદર્શન મુજબ આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં અલ્ટ્રા ટેક સિમેન્ટ કંપની માંથી વિનિત રાણાજી. HOD ADMIN CSR ડિપાર્ટમેન્ટ લાલજીભાઈ ગુજર. સરકારી હોસ્પિટલ જાફરાબાદ તમામ સ્ટાફ. આ કાયક્રમ ને સફળ બનાવવા તાલુકા સુપર વાઈઝર સંદિપ ભાઈ જોષી દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી છે.

---

### ચારિત્ર્ય અંગે શંકા કરતા

## લાઠીનાં કાચરડી ગામે મહિલાએ પતિના ત્રાસથી આત્મહત્યા કરી'તી

**મહિલાનાં પિતાએ ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા. ૮

મહીસાગર જિલ્લાના સંત રામપુર તાલુકાના વેણા ગામે રહેતા સુરેશભાઈ નાનાભાઈ સેલોત નામનાં ૫૩ વર્ષિય ખેડૂત આધેડની દીકરી કીંજલે તેમના ભાઈ પ્રકાશના સાળા સુભાષભાઈ કલ્યાણસિંગ મુનીયા સાથે ભાગીને પ્રમે લગ્ન કરેલ હતાં. આરોપી સુભાષભાઈ કલ્યાણસિંગ મુનીયાએ લગ્ન જીવન દરમ્યાન પોતાની પત્નિ કીંજલ ઉપર ચારીત્ર્ય અંગે ખોટી શંકાઓ કરી તથા ઘરકામ ઉપરાંત મજુરી કામ કરવાનુ ખોટુ દબાણ કરી તથા ઢીકાપાટુથી મારમારી મારકુટ કરી મરણજનાર કીંજલબેનને શારીરીક તથા માનસીક દુઃખ ત્રાસ આપી અને પોતાની આપઘાતનું દુષ્કરણ કરી મરી જવા મજબુર કરતા મરણજનાર કીંજલબેન ગત લાઠી તાલુકાના કાચરડી ગામે તા.૨૮/૯/૨૪ના રોજ બપોરના આશરે અગીયારેક વાગ્યે ઝેરી દવા પી જઈ મરણ જતા મરણજનાર કીંજલબેનના પતિ સુભાષભાઈ કલ્યાણસિંગ મુનીયા સામે મરી જવા મજબૂર કર્યા અંગેની દામનગર પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

---

### ખેતરમાં માંડવી ઉપાડતા હોય તે વેળાએ

## બગસરા : જુના વાઘણીયા ખાતે ખેડુત પરિવાર ઉપર 3 વ્યકિતઓનો હુમલો

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

બગસરા, તા. ૮

બગસરા તાલુકાના જુના વાઘણીયા ગામે ખેડૂત પરિવાર પર ત્રણ લોકો દ્વારા હુમલો કરવામાં આવતા આ બાબતે પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે.

બગસરા તાલુકાના જુના વાઘણીયા ગામે ખેતરમાં કામ કરી રહેલા હરિભાઈ પ્રેમજીભાઈ ગઢીયા (ઉંમર વર્ષ ૫૫) પોતાના ખેતરમાં માંડવી ઉપાડવા કામ કરી રહેલા હતા તેવા સમયે જુના વાઘણીયાના હસમુખભાઈ ગઢીયા, ભરતભાઈ ગઢીયા, જયંતીભાઈ ગઢીયા રસ્તા બાબતે બોલાચાલી કરી, ગાળો દેવા લાગ્યા આ બાબતે પ્રેમજીભાઈ ગઢીયા તેમને રોકતા તેમના પર લોખંડના હથિયાર વડે માથાના ભાગે તથા પીઠના ભાગે ઈજા પહોંચાડેલ. બનાવને પગલે ખેતરમાં રહેલ તેમની દીકરીઓ આરતીબેન તથા કિરણબેન આવતા તેમને પણ ઢીકા પાટુનો માર મારેલ જેને પગલે તેમને બગસરા સિવિલ હોસ્પિટલ તથા બાદમાં અમરેલી સિવિલ ખાતે રિફર કરવામાં આવેલ છે આ ઘટનાની પોલીસ દ્વારા ફરિયાદ નોંધી તપાસ હાથ ધરવામાં આવેલ છે.

---

## અમરેલી ખાતે ૧૦ ઓકટોબરે નિદાન કેમ્પ યોજાશે

અમરેલી, તા. ૮

આયુષમાન ભારત યોજના અંતર્ગત અમદાવાદ સ્થિત જયદીપ હાસ્પિટલ– સ્માઈલ પ્રોજેક્ટના સહયોગથી અમરેલી સ્થિત શાંતા બા મેડિકલ કોલેજ ખાતે નિદાન કેમ્પ યોજાશે. બાળકો અને નવજાત માટે તા.૧૦ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ સવારે ૧૦થી ૧૨.૩૦ કલાક સુધી યોજાનાર આ નિદાન કેમ્પ માટે બાળકોના ઓપીડી વિભાગ, ગ્રાઉન્ડ ફલોર રૂમ નં. ૩૦–૩૧ ખાતે સેવાઓ આપવામાં આવશે. જઢરિયાતમંદ હોય તેવા વધુમાં વધુ દર્દીઓને આ કેમ્પનો લાભ લેવા માટે અમરેલી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ એક અખબારી યાદીમાં અનુરોધ કર્યો છે.

---

# અમરેલી તાલુકાના સરપંચ અને તલાટી કમ મંત્રીઓને સ્વચ્છતાને અનુલક્ષીને તાલીમ અપાઈ






સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત અમરેલી જિલ્લામાં વ્યાપક સ્તરે સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ સાથે નાગરિકોમાં સ્વચ્છતા રાખવા, જાળવવા અને સ્વચ્છતા જાળવી રાખવાની આદત કેળવાય, સ્વચ્છ ભારત લક્ષી જનજાગૃત્તિ માટે પણ વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. અમરેલી તાલુકાના ગામડાઓના સરપંચઓ અને તલાટી કમ મંત્રી સ્વચ્છતાને અનુલક્ષીને જરૂરી તાલીમ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ખાસ કરીને ODF+ODF(S) ઘન અને પ્રવાહી કચરાના વ્યવસ્થાપન, સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા વગેરે સ્વચ્છતા લક્ષી બાબતોને આવરી લઈ તાલીમ આપવામાં આવી હતી. અમરેલી ખાતે યોજાયેલ રિફ્રેશર તાલીમમાં ગ્રુપ એકિટવિટી અને રમતોના માધ્યમથી પણ સ્વચ્છતા લક્ષી વિગતો આપવામાં આવી હતી. એસઆઈ આરડીના ટ્રેનર મેલિકભાઈ પાઠક તથા જીજ્ઞાબેન ડાભી દ્વારા ગામને સ્વચ્છ રાખવા માટે વિગતવાર જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

# અમરેલી જિલ્લા કલેક્ટર અજય દહિયાનાં અધ્યક્ષ સ્થાને ભારત વિકાસ પ્રતિજ્ઞા લેવામાં આવી



વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત રાજયમાં મુખ્યમંત્રી તરીકે પદભાર સંભાળી ૨૩ વર્ષ અગાઉ રાજયની વણથંભી વિકાસયાત્રા શરૂ કરી હતી. આ અવસરને વધાવવા માટે રાજય સરકાર દ્વારા સમગ્ર રાજયમાં ઓકટોબર–૨૦૨૪ની તા. ૭થી તા. ૧૫ દરમિયાન 'વિકાસ સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી રહી છે.

આ ઉજવણીના ભાગરૂપે અમરેલી જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને ભારત વિકાસ પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. જિલ્લા સેવા સદન ખાતે ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મયોગીએ ભારત વિકાસ પ્રતિજ્ઞા લઈ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવ્યું હતું.

વિકાસ સપ્તાહ અંતર્ગત ૯ ઓકટોબર, ૨૦૨૪ના રોજ તાલુકા કક્ષાની તમામ કચેરીઓ અને પેટા કચેરીઓ સાથે ભારત વિકાસ પ્રતિજ્ઞા લેવામાં આવશે. તા. ૧૦ ઓકટોબર, ૨૦૨૪ના રોજ ગ્રામ્ય કક્ષાએ પણ ભારતના વિકાસ પ્રતિજ્ઞા લેવામાં આવશે. અધિકારીઓ– કર્મચારીઓ સહિતના નાગરિકો જોડાશે.

**ભારત વિકાસ પ્રતિજ્ઞા**

હું ભારતના જવાબદાર નાગરિક તરીકે પ્રતિજ્ઞા લઉં છું કે.. મારા જીવનની પ્રત્યેક ક્ષણે હું દેશ માટે સમર્પિત રહીશ., હું સ્વનો વિચાર કરતા પહેલાં સર્વનો વિચાર કરીશ. દેશના બધા જ સંસાધનોનો ઉપયોગ યોગ્ય રીતે કરીશ. દેશના સર્વાંગી અને સમાવેશી વિકાસ માટે અવિરત કાર્યરત રહીશ., હું મારા દેશના સમૃદ્ધ વારસાનું ગૌરવ કરીશ અને તેનું જતન કરીશ., હું મારા દેશના બંધારણીય મૂલ્યોનું જતન કરવા સદાય પ્રયાસરત રહીશ., જ્ઞાતિ, ધર્મ કે જાતિના તમામ બંધનોમાંથી મુકત રહી, બંધુતાની ભાવના સાથે મારા દેશને પ્રાધાન્ય આપીશ. એક ભારત, શ્રેષ્ઠ ભારતના સૂત્રને સાકાર કરવા ભારતની એકતા અને અખંડિતતા માટે સદાય પ્રતિબદ્ધ રહીશ., પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જોયેલ વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા હું મન–વચન અને કર્મથી તત્પર રહીશ. રાષ્ટ્ર પ્રથમના મંત્રને જીવનમંત્ર બનાવી મારા દેશના વિકાસ અને કલ્યાણ માટે હું તન–મન અને ધનથી અવિરત પ્રયાસરત રહીશ., વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત ભારત વિકાસ પ્રતિજ્ઞા ઓનલાઈન લઈ શકાય તે હેતુથી https://pledgemygov.in/bharat-vikas/ પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે. તેનો લાભ રાજયના નાગરિકો લઈ શકશે અને પ્રતિજ્ઞા લીધાનું સર્ટિફિકેટ મેળવી શકશે.

### રૂપિયા ૧.૭૦ લાખની રકમ ઓળવી જવાઈ

## અમરેલીનાં નાના માચીયાળા ગામનાં યુવક સાથે લગ્નનાં નામે છેતરપીંડી

### યુવતીને પરત નહી મોકલી વિશ્વાસઘાત કર્યો

અમરેલી, તા. ૮

અમરેલી તાલુકાના નાના માચીયાળા ગામે રહેતા એક યુવકને એક યુવતી સાથે ફુલહારથી લગ્ન કરાવી દઈ અને બાદમાં યુવકના ઘરે આવી યુવતીને લઈ જઈ અને યુવતીને પાછી નહિ મોકલી રૂપિયા ૧,૭૦,૦૦૦ લઈ યુવક સાથે છેતરપીંડી તેમજ વિસઘાત કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

આ બનાવમાં અમરેલી તાલુકાના નાના માચીયાળા ગામે રહેતા રાકેશભાઈ કાળુભાઈ ચૌહાણ નામનાં ૩૩ વર્ષિય યુવકને આજથી ત્રણેક માસ પહેલા કોઈપણ સમયે લાઠી તાલુકાના ચભાડીયા ગામે રહેતા આરોપી ચતુરભાઈ ભીખાભાઈ પાટડીયાએ ખેડા જિલ્લાના પીપળ ગામે રહેતા આરોપી રાજુભાઈ પટેલનો સંપર્ક કરાવી આરોપી રાજુભાઈ પટેલ યુવક પાસેથી રૂપિયા ૧,૭૦,૦૦૦ લઈ અને ખેડા જિલ્લાના પીપળ ગામે રહેતી મહિલા આરોપી રેખાબેન રમણભાઈ પટેલ સાથે યુવકના ફુલહારથી લગ્ન કરાવી અને બાદમાં આરોપીઓએ યુવકના ઘરે આવી મહિલાને લઈ જઈ અને પાછી નહિ મોકલી તેમ કહીઅગાઉ આપેલ રૂપિયા ૧,૭૦,૦૦૦ લઈ યુવક સાથે છેતરપીંડી તેમજ વિસઘાત કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

## લીલીયા : મા ખોડીયારના ત્રણ સ્વરૂપના એક સાથે દર્શન



લીલીયા, તા. ૮

લીલીયા શહેરની મેઈન બજારમા આવેલ પૌરાણીક ખોડીયાર માતાજીના મંદિરમાં એક સાથે ત્રણ સ્વરૂપ શોભાયમાન છે નવરાત્રી દરમિયાન માતાજીના દર્શનાર્થે બહોળી સખ્યામાં ભકતો આવે છે.

લીલીયા શહેરની સ્થાપના થઈ ત્યારે મંદિર ગામના ગોંદરે આવેલ હતુ અત્યારે શહેરની મેઈન બજારમાં જોવા મળેછે. મા ખોડીયારના બંને સ્વરૂપ લીમડાના એક ઝાડ નીચે થડમાં બિરાજમાન છે. વર્ષ ૧૯૭૭–૭૮ મા જનતા ટુરીગ ટોકીઝના માલીક સ્વર્ગસ્થ ગુણવંતભાઈ પંડયા (ગાડુભાઈ ટોકીઝવાળા), સિરાઝભાઈ ખોજા, બચુભાઈ શિંગાળાએ માતાજીના મંદિરનો જીર્ણોધ્ધાર કરાવેલ ત્યારબાદ વર્ષ ૨૦૧૯ માં દિપકભાઈ પંડયાના પરિવારે મંદિરનું રંગરોગાન અને રીનોવેશન કરાવેલ સમગત્ર શહેરીજનોને મા ખોડીયાર અન્નન્ય શ્રધ્ધા છે તેમ મનોજ જોષીની યાદીમાં જણાવેલ છે.

### મહિલા સશક્તિકરણનાં માહોલમાં

## અમરેલીનાં કોળીવાડમાં મહિલાનાં ઘરમાં ગેરકાયદેસર રીતે ઘુસવાનો પ્રયાસ

### મહિલાએ પ્રતિકાર કરતાં બઘડાટી બોલી

અમરેલી, તા. ૮

અમરેલી બહારપરા કોળી વાડ ખોડીયાર મંદિર સામે રહેતા રેખાબેન સુરેશભાઈ મકવાણા તા. ૬ના રોજ રાત્રે ૨૦:૩૦ વાગ્યે પોતાના ઘરે હતા. તે દરમ્યાન તે વિસ્તારમાં રહેતા હિરેનભાઈ અસાભાઈ સોલંકીએ આ મહિલાના ઘરમાં અપપ્રવેશ કરતા મહિલાએ આરોપીને પૂછતા કોનુ કામ છે ? આરોપીને સારૂ નહિ લાગતા મહિલાને જેમ ફાવે તેમ ગાળો આપી ધકકો મારતા આ મહિલાની દિકરીઓ આવી જતા આરોપીને ઘર બહાર કાઢતા આરોપીએ અન્ય છ જેટલાં લોકોને બોલાવી એક સંપ કરી મહિલા સહિતનાઓને જેમ ફાવે તેમ ગાળો દઈ મહિલા તથા તેણીની દીકરીની છેડતી કરી આરોપીએ એસીડ નાખી દેવાની ધમકી આપી મહિલાને માથાના ભાગે તથા જમણા પડખામાં મારી પડી મહિલાને ઢસડી ઢીકાપાટુનો માર મારી તમામે ગેરકાયદે મંડળી રચી ગાળો આપી પ્રાણ ઘાતક હથિયારોથી સજજ થઈ હુલ્લડ કરી હથિયારબંધી જાહેરનામાનો ભંગ કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

તો આ જ બનાવમાં સામા પક્ષે સંગીતાબેન અશોકભાઈ સોલંકીએ પણ સામાવાળા આરોપી રેખાબેન સુરેશભાઈ મકવાણા, રોહિત સુરેશભાઈ મકવાણા, કિરણબેન સુરેશભાઈ મકવાણા સહિત સાત સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

હોલસેલ ભાવે ટી-શર્ટ... ટી-શર્ટ...
બ્રાન્ડ ન્યુ વેરાઈટીઝમાં હોલસેલ ભાવમાં ટીશર્ટનો અઘધધ.... ખજાનો......
રીટેલર રેડીમેઈડ દુકાન ધારકો, ટીશર્ટના વેપારીઓ માટે અમારે ત્યાંથી કપલ ટીશર્ટ, ફેમિલી ટીશર્ટ, ગ્રુપ મેચીંગ ટીશર્ટ, પ્રિન્ટેડ ટીશર્ટ....
નોંધ: બદલાની સવલત પણ આપવામાં આવશે
હોલસેલ..... હોલસેલ......
ફકત વેપારીઓ જ સંપર્ક કરે...
સંપર્ક : ૯૯૭૮૮ ૭૯૬૭૮

મકાન વેચવાનું છે
૪– બેડરૂમ, હોલ, કીચન, ફિકસફર્નીચર, કાર પાર્કિંગ, ફળીયું, કલર–પી.ઓ.પી. કરેલ, એક વસા જગ્યામાં, સંપુર્ણ સગવડતાવાળુ બંગલા ટાઈટલનું મકાન વેચવાનું છે.
ચિતલ રોડ, તપોવન પાર્ક
સંપર્ક : ૮૨૦૦૬ ૩૮૬૨૪

શિવ ફરસાણ (ધારીવાળા)

સ્પે. નાયલોન ખમણ ખમણ હાજરમાં મળશે. ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

હોન્ડા સાથે તહેવારોનો ઉત્સવ
HONDA
માત્ર ₹999/- ભરીને લઈ જાઓ આપનું મનપસંદ Shine 100
80+ AVERAGE
દમદાર માઈલેજ | શાનદાર સ્ટાઈલ મજેદાર કમ્ફર્ટ | વ્યાજબી ભાવ
ફ્રી હેલ્મેટ
₹64900
ઓછો વ્યાજદર 9.50%
મહત્તમ લોન 95%

Shine 100
ડોક્યુમેન્ટ્સ • આધાર કાર્ડ • પાન કાર્ડ • બેન્ક પાસબુક • પાસપોર્ટ સાઇઝ ફોટા • ચેક • લાઇટબિલ
ઓથો. ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૬૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

Hero
GO BIG GO XOOM
XOOM

LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

Navnit
MARUTI SUZUKI CELERIO
મારૂતિ સુઝુકીનો શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...

ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 9904649999 સર્વિસ : 9904549999

॥ વંદે માતરમ્ ॥
YAMAHA જીજ્ઞેશ એજન્સી YES! YAMAHA
Make an Impression fascino 125 Fi

SHANDAAR DUMDAAR MILEDAAR It's fascino yaar
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

# ઈકો સેન્સીટીવ ઝોન સંબંધિત વિગતો

**૧. ઈકો સેન્સીટીવ ઝોન શું છે ?**

અભ્યારણ્ય અને રાષ્ટ્રીય ઉદ્યાનના તેમજ વન્યજીવોના વધુ સારા સંરક્ષણ અને વ્યવસ્થાપન માટે આવા અભ્યારણ્ય અને રાષ્ટ્રિય ઉદ્યાન તરીકે ઓળખદાતા રક્ષિત વિસ્તારની હદની બહાર. એટલે કે પર્યાવરર્ણિય રીતે સંવેદનશીલ વિસ્તારને પર્યાવરણ સુરક્ષા અધિનિયમ ૧૯૮૬ હેઠળ જાહેર કરવામાં આવતા ચોકકસ વિસ્તારને ઈકો સેન્સીટીવ ઝોન કહે છે.

**૨. ઈકો સેન્સીટીવ ઝોન રાખવાનાં કારણો શું છે ?**

ઈકો સેન્સીટીવ ઝોન પર્યાવરણ સુરક્ષા અધિનિયમ–૧૯૮૬ની જોગવાઈઓ હેઠળ જાહેર કરવામાં આવે છે. નામ. સુપ્રિમ કોર્ટ તથા ભારત સરકારની વખતોવખત સુચના પ્રમાણે અભયારણ્ય અને રાષ્ટ્રીય ઉદ્યાન ફરતે ચોકકસ મર્યાદા સુભીના વિસ્તારને ઈકો સેન્સીટીવ ઝોન તરીકે ભારત સરકાર દ્વારા જાહેર કરવામાં આવે છે. સદર ઝોન જાહેર કરવામાં ન આવે અથવા જયાં સુધી વિષ્માય બાબતનું ભારત સરકારનું અંતિમ જાહેર બહાર પડે નહિં ત્યાં સુધી નામ. સુપ્રીમ કોટ્ના હુકમ પ્રમાણે અભ્યારણ્ય અને રાષ્ટ્રીય ઉદ્યાન ફરતે ૧૦ કિ.મી. સુધીના વિસ્તારને ઈકો સેન્સીટીવ ઝોન તરીકે ગણવાનો રહે છે. જે ૧૦ કી.મી. નું જાહેરનામું હાલ ગીર, પાણીયા અને મીતીયાળા અભ્યારણ્યના ફરતેના વિસ્તારોમાં અમલમાં છે.

**૩. ઈકો સેન્સીટીવ ઝોન જાહેર કરવાથી શું અસર થશે ?**

ઈકો સેન્સીટીવ ઝોન જાહેર કરવાનો હેતુ નીચે મુજબ છે.

**અ.** અભયારણ્ય અને રાષ્ટ્રીય ઉદ્યાન ફરતે ચાલતી પ્રવૃતિઓના કારણે વન અને વન્યજીવ ઉપર થયતી પ્રતિકુળ અસરનો પ્રભાવ ઘટાડતો વિસ્તાર તૈયાર કરવાનો.

**બ.** અભયારણ્ય અને રાષ્ટ્રીય ઉદ્યાન જેવા ધનિષ્ઠ સંરક્ષણ હેઠળ વિસ્તારોથી ઓછા સંરક્ષણ હેઠળ વિસ્તારો સુધી એન પરિવર્તન ઝોન તૈયાર કરવાનો છે.

**ક.** પ્રોટેકટેડ એરીયા બહારના વિસ્તારમાં ચાલતી પ્રવૃતિઓની અભયારણ્યો અને રાષ્ટ્રની ઉદ્યાનની સંવેદનશીલ પરિસર તંત્ર ઉપર થતી નકારાત્મકને અસરને ઘટાડવા.

**૪.** ઈકો સેન્સીટીવ ઝોન જાહેર કરવામાં ન આવે તો અભયારણ્ય અને રાષ્ટ્રીય ઉદ્યાન ઉપર અઘયારણ્ય અને રાષ્ટ્રીય બહાર ચાલતી પ્રવૃતિઓને લીધે વિપરીત અસરો વધવાની પુરેપુરી શકયતાઓ રહેલ છે. ઉપરાંત ભવિષ્યમાં પ્રવૃતિઓ પર નિયંત્રણના અભાવે વન્ય પ્રાણી– માનવ છચ્ચે ઘર્ષણ થવાને કારણે બન્ને પ્રજાતિઓ ઉપર વિપરીત અસર પાડવાની પુરેપુરી શકયતાઓ રહેશે.

**૫. ઈકો સેન્સીટીવ ઝોન કેવા પ્રકારની પ્રવૃતિઓ પ્રતિબંધીત છે ?**

ઈકો સેન્સીટીવ ઝોન વિસ્તારમાં મુખ્યત્વે કોમર્શીયલ ખાણ પ્રવૃતિ તથા હવા, પાણી, જમીન તથા અવાજના નિયત મર્યાદામાં વધુ પ્રદુષણ કરતા મોટા ઉદ્યોગો ઉપર પ્રતિબંધ રહેશે. ઉપરાંત જલાઉ લાકડાનો કોમર્શીયલ ઉપયોગ, નવી સોમીલ સ્થાપના, મોટા હાઈડ્રોઈલેકટ્રીક પ્રોજેકટની સ્થાપના, નુકશાનકર્તા પદાર્થોનું ઉત્પાદન અને ઉપયોગ તથા ઘન અને પ્રવાહી કચરો કુદરતી પાણીના સ્ત્રોતમાં છોડવાની કામગીરી જે અભયારણ્ય અને રાષ્ટ્રીય ઉદ્યાન માટે નુકશાનકારક છે તેના પર પ્રતિબંધ છે.

**૬. ઈકો સેન્સીટીવ ઝોન કઈ પ્રવૃતિઓ ચાલુ રાખી શકાશે ?**

ઈકો સેન્સીટીવ ઝોન પ્રતિબંધિત પ્રવૃતિઓ સીવાયની તમામ પ્રવૃતિઓ ચાલુ રાખી શકાશે. આમાં તમામ પ્રવૃતિઓને બે વિભાગમાં વહેંચવામાં આવેલ છે.

**અ. પ્રોત્સાહિત કરવાની પ્રવૃતિઓ :**

જેમાં સ્થાનિક લોકોની ચાલુ ખેતી અને બાગાયત, વરસાદી પાણીનો સંગ્રહ, રીન્યુએબલ ઉર્જા સ્ત્રોતોનો ઉપયોગ, જૈવિક ખેતી અને તમામ પ્રવૃતિઓ માટે ગ્રીન ટેકનોલોજી અપનાવવીને પ્રોત્સાહિત કરવાની જોગવાઈ છે.

**બ. નિયમન હેઠળની પ્રવૃતિઓ :**

સરકારી ઠરાવ ક્રમાંક વપસ/૧૦૨૦૦૮/૧૮૨૭/ડબલ્યુ તા. ૦૧/૦૭/૨૦૧૫ અને સુધારા ઠરાવ ક્રમાંક વપસ/૧૦૨૦૦૮/૧૮૨૭/ડબલ્યુ તા. ૧૩/૬/૨૦૧૬ થી ઈકો સેન્સીટીવ ઝોનમાં કેટલીક પ્રવૃતિઓ નિયમન હેઠળ કરી શકાય છે. જેમાં વૃક્ષ છેદન, હોટલ અને રીસોર્ટ સ્થાપના, હોમ સ્ટે. કૃષિની પધ્ધતિમાં ફેરફાર, વિજળી માટે તાર ખેંચવાની, હોટલ અને રહેણાંકના પરિસર ફરતે વાડ કરવાની અને દુકાનદારો દ્વારા પોલીથીન બેગનો ઉપયોગ, રસ્તો પહોળો કરવાની કામગીરી, રાત્રીમાં વાહનોની અવર જવર, સાઈન બોર્ડ અને હોડીંગ્સ લગાવવા વગેરે કામગીરી, રાત્રીમાં વાહનોની અવર જવર, સાઈન બોર્ડ અને હોડીંગ્સ લગાવવા વગેરે કામગીરી નિયમન હેઠળ નિયત જોગવાઈ મુજબ કરી શકાશે. ઉપકરોત તમામ પરવાનગીઓ ઈકો સેન્સીટીવ ઝોનના પ્રવર્તમાન નિતિ નિયમો અનુસાર રહેશે. નવી કોઈ પરવાનગી લેવાની થતી નથી.

**૭. ઈકો સેન્સીટીવ ઝોન બાબતે સમગ્રપણે કઈ રીતે સમાજને કઈ રીતે સમાજને વન્યપ્રાણી અને પર્યાવરણને કઈ રીતે ફાયદાકારક થશે ?**

અભ્યારણ્ય અને રાષ્ટ્રીય આજુબાજુમાં રહેત લોકો કુદરતી સંપદાની નજીકમાં રહેતા હોવાથી સ્વાસ્થ્ય લાભ મેળવે છે અને આ વિસ્તારમાં લોકોનું સ્વાસ્થ્ય અનય વિસ્તારોમાં રહેતા લોકો કરતા સશકત હોય છે.

**અ.** અભયારણ્ય અને રાષ્ટ્રીય ઉદ્યાનો નદીઓ માટેના મુખ્ય જળસ્ત્રાવ વિસ્તાર તરીકે કામ કરે છે. તેમના સંરક્ષણથી જળસ્ત્રાવ વધારે સમૃધ્ધ થવાથી આ વિસ્તારો ફરતે પાણીની અછત જેવા પ્રશ્નો ઉભા થતા નથી.

**બ.** આ વિસ્તારોમાં સતત ભેજની ઉપલબ્ધિના લીધે સારા પાકો ઉત્પન્ન થાય છે જેથી લોકો આર્થિક રીતે સમૃદ્ધ રહે છે. ઉપરાંત વર્ષ દરમ્યાન ઘાસચારા વગેરેની ઉપલબ્ધિથી પશુપાલન પ્રવૃતિઓ વેગ મળે છે. અને આવકનો એક વૈકલ્પિક સ્ત્રોત ઉપલબ્ધ રહે છે.

**ક.** ઈકો સેન્સીટીવ ઝોન એક બફર ઝોન તરીકે કામ કરતો હોઈ માનવ વન્યપ્રાણી વચ્ચે ઘર્ષણના બનાવો નિવારવામાં મદદરૂપ થાય છે. માનવના સીધા સંપર્કમાં ન આવવાને કારણે વન્યપ્રાણીઓ સુરક્ષિત રહે છે અને સાથોસાથ માનવજાતને પણ સુરક્ષા મળે છે અને પર્યાવરણીય સુરક્ષા, જે આજની મુખ્ય સમસ્યા છે, તેને નિવારવામાં મદદરૂપ થાય છે.

## સંપૂર્ણ આહાર : દૂધ ગૌમાતાનું દૂધ : સર્વશ્રેષ્ઠ દૂધ



અમરેલી, તા. ૩

દૂધ એ 'સંપૂર્ણ આહાર' તરીકે ઓળખાય છે. તેમાં વિટામિન 'સી' સિવાય તમામ વિટામિન રહેલા છે. સામાન્ય રીતે ભેંસ, ગાય અને બકરીના દૂધનો ઉપયોગ આહાર તરીકે થાય છે, જેમાં ગાયનું દૂધ શ્રેષ્ઠ ગણવામાં આવે છે. દૂધને ખોરાકમાં રાજા ગણવામાં આવે છે, કારણ કે દૂધમાં તે દરેક પોષક તત્વો છે જે શરીરનાં સંપુર્ણ વિકાસ માટે સર્વોત્તમ છે. દૂધથી શરીરને ભરપુર માત્રામાં કેલ્શીયમ મળે છે. દૂધમાં પ્રોટીનની માત્રા પણ સારા પ્રમાણમાં છે. સામાન્ય રીતે તેમાં ૮૫% જેટલું પાણી હોય છે અને બાકીનાં ભાગમાં તમામ પોષક તત્વો હોય છે. દૂધમાં પ્રોટીન, કલ્શીયમ તેમજ રીબોફલેવીન (વિટામીન બી) સૌથી વધારે પ્રમાણમાં હોય છે. આ ઉપરાંત વીટામીન એ, ડી, કે અને ઈ તથા ફોસ્ફરસ, મેગ્નેશીયમ, આયોડીન તેમજ અન્ય ખનીજો અને ચરબી હોય છે. દૂધમાં રહેલું પ્રોટીન ઈન્ફેકશનથી પણ બચાવે છે. ઘણી એવી માન્યતાઓ છે કે દુધ કેલ્શિયમનાં કારણે સફેદ હોય છે, પરંતુ એવું નથી ગાયના દુધમાં દર લિટરે ૧.૨૭ગ્રામ કેલ્શિયમ અને ૩ ૩ગ્રામ કેતેથી વધુ પ્રોટીન હોય છે. પ્રોટીનની ઘણી જાત છે. પરતું દુધમાં કેસીન જાતનું પ્રોટીન હોય છે. આ જાતનું પ્રોટીન બીજા કોઈ પણ ખાદ્યપદાર્થમાં હોતું નથી. કેસીનની હાજરીથી દુધનો રંગ સફેદ હોય છે. ગાયનાં દૂધ કરતાં ભેસનાં દુધમાં કેસીનનું પ્રમાણ વધુ હોવાથી ભેસનું દૂધ વધુ સફેદ હોય છે. આયુર્વેદના જુદા જુદા ગ્રંથોમાં દર્શાવ્યા મુજબ દૂધમાં ગાયનાં દૂધને શ્રેષ્ઠ ગણવામાં આવ્યું છે. ચરક સંહિતામાં જણાવ્યા મુજબ 'ગવ્યંદશગુણં પયઃ' એટલે કે ગાયનાં દૂધમાં દસ ગુણ છે. મહર્ષિ ચરક અન્નપાન વિધિ વિષેનાં અધ્યાય (સૂત્રસ્થાન–અધ્યાય ૨૭)માં દૂધને 'ક્ષીરં જીવયતિ' કહીને તે જીવનદાતા હોવાનું જણાવે છે. દુધમાં તે દરેક પોષક તત્વો છે જે શરીરનાં સંપુર્ણ વિકાસ માટે સર્વોત્તમ છે. દુધમાં તમામ પોષક તત્વો હાજર હોય છે. આયુર્વેદ પ્રમાણે કહેવાય છે કે સવારે ખાલી પેટ દૂધ ન પીવું જોઈએ. સવારે દૂધ પીનારને ગેસની સમસ્યા થઈ શકે છે, પણ જેમની પાચનશકિત સારી છે તે સવારે નિયમિત રીતે દૂધ પી શકે છે. વ્યાયામ કરનારા લોકો માટે સવારે દૂધ પીવું નુકસાનદાયક નથી. નાસ્તો કર્યા બાદ મતલબ ચટપટુ કે નમક, મસાલાવાળી વસ્તુઓ સાથે કે તે ખાધા પછી દૂધ ન પીવું જોઈએ. તેનાથી નુકસાન થઈ શકે છે. સૂતી સમયે દૂધ પીવાની એક શરત છે કે સાંજનું ભોજન કર્યા બાદ ત્રણ કલાક થઈ જવા જોઈએ, જેથી અમાશય ખાલી થઈ ચૂકયું હોય. સૂતી વખતે દૂધ પીવાથી લાભ થાય છે, કારણ કે દૂધ પીધા બાદ સૂઈ જવાથી કોઈ પદાર્થ પેટમાં જતો નથી અને દૂધ સહેલાઈથી પચી જાય છે અને ગુણકારી રહે છે.

### ભાજપના ઉમેદવાર યોગેશ બૈરાગીને ટક્કર આપી મેળવી જીત

## પૂર્વ રેસલર વિનેશ ફોગાટે જુલાના બેઠક પરથી ૬૦૦૦ મતોની બહુમતી સાથે જીત હાંસલ કરી

### ગત વખતે કોંગ્રેસ આ બેઠક પર ૧૨ ટકા મત સાથે ત્રીજા ક્રમે હતી

હરિયાણા ,તા.૮

હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં હાલમાં જ રાજકારણમાં જોડાનારી પૂર્વ રેસલર વિનેશ ફોગાટે જુલાના બેઠક પરથી ૬૦૦૦ મતોની બહુમતી સાથે જીત હાંસલ કરી છે.

કોંગ્રેસે વિનેશ ફોગાટને અત્યંત જટિલ બેઠક પરથી ઉમેદવાર બનાવી હતી. જુલાના બેઠક પરથી ફોગાટ પૂર્વ આર્મી કેપ્ટન અને ભાજપના ઉમેદવાર યોગેશ બૈરાગીને ટક્કર આપી રહી હતી. બૈરાગીને ૬૦૦૦ મતોની સરસાઈથી ધોબીપછાડ આપ્યો છે. આ સિવાય જુલાના બેઠક પરથી જેજેપી તરફથી ઉમેદવાર અમરજીત ધંડા, અને આપની રેસલર કવિતા દલાલે ચૂંટણી લડી હતી.ગત વખતે કોંગ્રેસ આ બેઠક પર ૧૨ ટકા મત સાથે ત્રીજા ક્રમે હતી. જેજેપીના અમરજીત ધાંડા આ સીટ પરથી ચૂંટણી જીત્યા હતા. એક વાત વિનેશ ફોગાટની તરફેણમાં જઈ શકે છે અને તે એ છે કે જેજેપી આ ક્ષેત્રમાં નબળી પડી રહી છે. જેજેપીના મતદારો ભાજપની વિરુદ્ધના મતદારો હતા, તેથી વિનેશ માટે જીતનો માર્ગ સરળ બન્યો હતો.

## જમ્મુ-કાશમીરઃ આતંકી હુમલામાં પિતા-કાકા ગુમાવનારી શગુન પરિહારે જીતી ચૂંટણી

જમ્મુ કાશ્મીર,તા.૮

જમ્મુ-કાશ્મીરમાં ૧૦ વર્ષ બાદ વિધાનસભા ચૂંટણી યોજાઈ છે. જમ્મુ-કાશ્મીરમાં અનેક સીટની ચર્ચા થઈ રહી છે. કેન્દ્રની સત્તાધારી ભાજપે કિશ્તવાડ સીટથી આતંકી હુમલામાં પિતા-કાકા ગુમાવનારી શગુન પરિહારને મેદાનમાં ઉતારી હતી. પ્રથમ વખત ચૂંટણી મેદાનમાં ઉતરેલી શગુને જીત નોંધાવી હતી. તેણે નેશનલ કોન્ફરન્સના ઉમેદવાર સજ્જાદ અહેમદને ૫૨૧ વોટથી હરાવ્યા હતા.શગુન ભાજપના દિગ્ગજ નેતા રહેલા અનિલ પરિહારની ભત્રીજી છે. અનિલ જમ્મુ કાશ્મીરમાં ભાજપના સચિવ હતા. નવેમ્બર ૨૦૧૮માં કિશ્તવાડમાં આતંકીએ શગુનના પિતા અજીત પરિહાર અને કાકા અનિલ પરિહારની હત્યા કરી હતી.

ડોડા જિલ્લામાં ચૂંટણી રેલીને સંબોધતા પીએમ મોદીએ કિશ્તવાડની ઉમેદવાર શગુન પરિહારનો ઉલ્લેખ કર્યો હતો. પીએમે કહ્યુ હતું કે, ભાજપે આતંકવાદનો શિકાર બનેલી પુત્રીને ટિકિટ આપી છે. શગુન માત્ર પાર્ટીની ઉમેદવાર જ નથી પરંતુ આતંકવાદને ખતમ કરવાના ભાજપના ઈરાદાની જીવતી જાગતી તસવીર છે.

કિશ્તવાડ સીટથી ભાજપની શગુન પરિહારનો મુકાબલો નેશનલ કોન્ફરન્સના સજ્જાદ અહેમદ કિચલૂ અને પીડીપીના ફિરદૌસ અહમદ ટાક સાથે રહ્યો. ૨૦૧૪ની ચૂંટણીમાં અહીંયા ભાજપના સુનીલ કુમાર શર્માને સફળતા મળી હતી. સુનીલે નેશનલ કોન્ફરન્સના ઉમેદવાદ સજ્જાદ અહેમદ કિચલૂને ૨૮૫૨ વોટથી હરાવ્યા હતા. હવ શગુન પરિહારે નેશનલ કોન્ફરન્સના સજ્જાદ અહેમદ કિચલૂને ૫૨૧ મતથી હરાવ્યા હતા. શગુન પરિહારને ૨૯૦૫૩ વોટ મળ્યા હતા, જ્યારે સજ્જાદ અહમદ કિચલૂને ૨૮૫૩૨ વોટ મળ્યા હતા.

### ચાર દિવસ સુધી ઉલ્કા વર્ષાનો અદ્ભુત નજારો જોવા મળશે

## રવિવારથી આકાશમાં ડ્રેકોનીક્સ ઉલ્કા વર્ષાનો અદ્ભુત નજારો જોવા મળશે

અમદાવાદ, તા. ૭

દુનિયાભરમાં રવિવારથી ચાર દિવસ ઉપરાંત તા. ૨૨ મી ઓકટોબર સુધી આકાશમાં ડ્રેકોનીકસ ઉલ્કા વર્ષાનો અદ્દભૂત નજારો જોવા મળશે. સ્વચ્છ આકાશમાં પ્રારંભે કલાકની ૧૦, ત્યાર બાદ કલાકના ૫૦થી ૧૦૦ વધુ ઉલ્કા પડતી જોવા મળશે. ઉલ્કા વર્ષાનો નજારો નિહાળવા રાજયના લોકોને ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ અપીલ કરી છે.

જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે તા. ૭ અને તા. ૮ વહેલી પરોઢે આકાશમાં ડૂકોનીક્સ ઉલ્કા વર્ષા પડતી જોવા મળશે. કલાક દીઠ દર મધ્ય–ઉત્તરી અક્ષાશો (૪૫એન) પરથી જોવામાં આવતા ૪ની નજીક અને ઉષ્ટકટિબંધીય દક્ષિણી સ્થાનો (૨૫એસ) પરથી જોવા મળતા ૩ ની નજીક અને કલાક દીઠ દરો ૧૧ની નજીક મધ્ય–ઉત્તરી અક્ષાંશ (૪૫એન) અને ૯ ઉષ્ણકટિબંધીય દક્ષિણી સ્થાનો (૨૫એસ) પરથી દેખાય છે. ખગોળી ઘટના નિહાળવામાં ધીરજ રાખવી જરૂરી છે. ડ્રેકોનિડ શાવર જેને ગિયાકોબિનિડસ પણ કહેવાય છે. અંધકાર પડતાં જ તેનો તેજસ્વી બિંદુ આકાશમાં સેથી ઊંચો રહે છે. વધુમાં પંડયા જણાવે છે કે ડ્રકોનીકસ ઉલ્કા વર્ષાની મહત્તમ સોમવાર અને મંગળવાર મપ્રય રાત્રિ બાદ અને વહેલી પરોઢે આકાશમાં જોવા મળશે નરી આંખે નિર્જન જગ્યાએથી સ્પષ્ટ જોઈ શકાય છે. ઉલ્કા વર્ષા વર્ષ દરમ્યાન ૧૦ થી ૧૨ વખત અને વધુમાં વધુ ૫ વખત આકાશમાં જોવા મળે છે. આ ઉલ્કા વર્ષાઓ પાછળ ધૂમકેતુઓ કારણભૂત છે. સેરમંડળમાં એવા પણ ધૂમકેતુઓ છે કે જે પોતાના સૂર્ય ફરતેના ભ્રમણ દરમ્યાન પૃથ્વીની ભ્રમણકક્ષાને કાપે છે. આ ધૂમકેતુઓનું સતત વિસર્જન થતું રહેતું હોય છે અને તેમાંથી વિસર્જીત થયેલ પદાર્થ ધૂમકેતુની દિશા જાળવી રાખે છે. આ રીતે જોઈએ તો દરેક ધૂમકેતુ પાછળ વિસર્જીત પદાર્થોનો શેરડો છોડતો જાય છે. જયારે પૃથ્વી પર આ વિસર્જીત પદાર્થોની વચ્ચેથી પસાર થાય છે ત્યારે સાપેક્ષ વેગના કારણે આ ટુકડાઓ પ્રચંડ વેગે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે. આવા સમયે તેમનો મહત્તમ વેગ સેકન્ડના ૩૦ કિલોમીટર જેટલાનો અનુમાન રખાય છે. વાતાવરણમાં રહેલ વાયુઓ સાથે ઘર્ષણના કારણે આ ટુકડાઓ સળગી ઉઠે છે અને તેજ લીસોટા, અગ્નિ સ્વરૂપે આકાશમાં જોવા મળે છે. તેને પ્રકારમાં ફાયરબોલ, અગનગોળા કે ઉલ્કા વર્ષા કહેવાય છે. ઈન્ટરનેશનલ મેટીયોર ઓર્ગેનાઈઝેશન ઉલ્કા પડવાની નોંધ રાખે છે.

જાથાના જયંત પંડયા વધુમાં જણાવે છે કે ઉલ્કા વર્ષા નિહાળવા મપ્રય રાત્રિ બાદ અને વહેલી પરોઢનો સમય શ્રેષ્ઠ છે. મોટેભાગે વહેલી પરોઢે મહત્તમ ઉલ્કા વરસાદ જોવા મળે છે. વિદેશમાં લોકો દરિયાઈ કિનારે તથા પર્વતીય–ખડકાળ, નિર્જન જગ્યાને પસંદ કરી બે કે ત્રણ દિવસનો પડાવ નાખે છે. ચારેય દિશામાં ખગોળરસિકોને ગોઠવી ઉલ્કાના આંકડાની નોંધ રાખવામાં આવે છે. સેકન્ડની ગણતરીમાં દિવાળીની આતશબાજી, રંગબેરંગી ફટાકડાના દ્રશ્યો અવકાશમાં જોવા મળે છે. ઘણા લોકો ગુણવત્તાના દૂરબીનની વ્યવસ્થા કરી નજારો જોવે છે. જાથાએ ફાયરબોલ ફોટોગ્રાફી, ઈન્ટરનેટ મિત્રોનો સહયોગ મેળવી ડિઝીટલ વિડીયોગ્રાફી કેમેરામાં કેદ કરવા આયોજન ગોઠવ્યું છે.

એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે ઉલ્કા જયારે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે ત્યારે તેને મેટીયોર ઉલ્કા તરીકે ઓળખવામાં આવે છે. પૃથ્વી ઉપર રોજની લગભગ ૪૦ટન જેટલી ઉલ્કાઓ પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે. પૃથ્વી ઉપર દિવસે સૂર્યપ્રકાશ દરમ્યાન પડકી ઉલ્કાઓ જોઈ શકાતી નથી. અત્યાર સુધીમાં પૃથ્વી ઉપર ઉલ્કાની રાખનો ઘર એક ઈંચથી વધુનો અંદાજ છે. ઉલ્કામાં લોખંડ અને નિકલ હોય છે. તેની રજને, ધૂળને ઓળખવા માટે લોહચુંબકનું પરીક્ષણ જરૂરી છે. ડ્રેકોનીકસ ઉલ્કા વર્ષા દુનિયાના અમુક ભાગોમાં ૫૦૦ થી વધુ પડી ઉલ્કાનો વરસાદ પડશે. જોનારા દિગ્મૂઢ બની જશે. ઉલ્કા વર્ષાની દિશા નિશ્ચિત નથી. કુદરતી ઘટના હોય, સમય, દિવસનો સામાન્ય ફેરફાર જોવા મળે છે. અવકાશી ઘટનામાં ધીરજનો ગુણ અતિ જરૂરી છે. ક્યારેક નિરાશા પણ સાંપડે છે. જીંદગીમાં એકવાર ઉલ્કા ખાતરી જોવી તે લ્હાવો છે. કાયમી સંભારણું બની જાય છે.

વિજ્ઞાન જાથાની શાખાઓમાં અને અમદાવાદ, રાજકોટ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, પાલનપુર, હિંમતનગર, ખેડા, નડિયાદ, આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, વાપી, રાજપીપળા, ગોધરા, દાહોદ, પંચમહાલ, જુનાગઢ, ગિર સોમનાથ, ભાવનગર, બોટાદ, અમરેલી, સુરેન્દ્રનગર, મોરબી, જામનગર દેવભૂમિ દ્વારકા, પોરબંદર સહિત તાલુકા મથકોએ ઉલ્કા વર્ષા નિહાળવા સંબંધી રસ ધરાવતા મિત્રો માટે જ આયોજન કરવામાં આવ્યું છે.

જાથાનો રાષ્ટ્રવ્યાપી પ્રયાસ બાળકો, જીજ્ઞાષુઓ, નાગરિકોને અવકાશતરફ નજર કરતાં થાય તેનું અભિયાન ચાલી રહ્યું છે. રાજયમાં ઉલ્કા વર્ષા સંબંધી વિશેષ જાણકારી માટે મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

### કોંગ્રેસે ચૂંટણી પંચ પર ગંભીર આરોપ લગાવ્યા

## કોંગ્રેસના આરોપો પર ચૂંટણી આયોગનો પલટવાર, કહ્યું- ખોટી અફવા ન ફેલાવો

### કોંગ્રેસ સરકાર બનાવવા જઈ રહી છે." જોકે, ચૂંટણી પંચે સ્પષ્ટ કર્યું છે કે ડેટા યોગ્ય સમયે અપડેટ કરવામાં આવ્યો છે

હરિયાણા,તા.૮

હરિયાણા વિધાનસભા ચૂંટણીના ટ્રેન્ડમાં પાછળ રહ્યા બાદ કોંગ્રેસે ચૂંટણી પંચ પર ગંભીર આરોપ લગાવ્યા હતા. હવે ચૂંટણી પંચે આ આરોપોને ખોટા ગણાવ્યા છે અને કહ્યું છે કે દર પાંચ મિનિટે મત ગણતરીના ડેટા અપડેટ કરવામાં આવી રહ્યા છે. કોંગ્રેસે કહ્યું કે ચૂંટણી પંચના અધિકારીઓએ જાણીજોઈને ડેટાને ધીમે ધીમે અપડેટ કર્યો. જેના કારણે તેમના કાર્યકરોને મુશ્કેલી પડી હતી. આ દરમિયાન તેમણે એમ પણ કહ્યું કે ચૂંટણીપંચ માઈન્ડગેમ રમી રહ્યું છે અને કોંગ્રેસના કાર્યકરોએ મતગણતરી કેન્દ્રોમાં અડગ રહેવું જોઈએ. કોંગ્રેસના જનરલ સેક્રેટરી (કોમ્યુનિકેશન ઈન્ચાર્જ) એ કહ્યું, "નિરાશ થવાની કોઈ જરૂર નથીપ ખેલ ખતમ થયો નથી. માઈન્ડગેમ રમાઈ રહી છે. અમે પાછા હટીશું નહીં, નિરાશ થવાની કોઈ જરૂર નથી. અમે છીએ. જનાદેશ મળશે." "કોંગ્રેસ સરકાર બનાવવા જઈ રહી છે." જોકે, ચૂંટણી પંચે સ્પષ્ટ કર્યું છે કે ડેટા યોગ્ય સમયે અપડેટ કરવામાં આવ્યો છે.

કોંગ્રેસના મહાસચિવ અને સંચાર પ્રભારીએ કહ્યું કે "અમે આગામી ૫-૭ મિનિટમાં મેમોરેન્ડમ દાખલ કરવા જઈ રહ્યા છીએ. અમે ફરિયાદ દાખલ કરી રહ્યા છીએ. અમને આશા છે કે ચૂંટણી પંચ અમારા પ્રશ્નોના જવાબ આપશે. ૧૦-૧૧ રાઉન્ડના પરિણામો પહેલાથી જ આઉટ થઈ ગયા છે, પરંતુ ચૂંટણી પંચની વેબસાઈટ પર માત્ર ૪-૫ રાઉન્ડના પરિણામો અપડેટ કરવામાં આવ્યા છે. આ પ્રશાસન પર દબાણ લાવવાનું ષડયંત્ર છે. પ્રારંભિક વલણો દર્શાવે છે કે કોંગ્રેસને ૭૦થી વધુ બેઠકો મળી છે. રાજ્યમાં કુલ ૯૦ બેઠકો છે. તેમાંથી ૭૦માં લીડ લીધા બાદ કોંગ્રેસે પોતાની જીત નિશ્ચિત માની હતી. જોકે થોડા સમય બાદ આંકડા બદલાયા અને કોંગ્રેસને બદલે ભાજપને બહુમતી મળી. આ પછી કોંગ્રેસના નેતાઓએ ચૂંટણી પંચ પર આરોપ લગાવ્યા છે. હરિયાણામાં બહુમત માટે જરૂરી આંકડો ૪૬ છે.કોંગ્રેસના નેતાઓની ફરિયાદ બાદ ભાજપના નેતાઓએ કહ્યું કે કોંગ્રેસનું આ નિવેદન સાબિત કરે છે કે તેમણે હાર સ્વીકારી લીધી છે. જીતનો દાવો કરતા ભાજપે કહ્યું કે, કોંગ્રેસે હાર સ્વીકારીને સુરક્ષાના પગલાં લેવાનું શરૂ કર્યું છે અને ચૂંટણી પંચને દોષી ઠેરવવાનું શરૂ કર્યું છે.

ભાજપના ઉમેદવાર યોગેશ બૈરાગીને ટક્કર આપી મેળવી જીત

પૂર્વ રેસલર વિનેશ ફોગાટે જુલાના બેઠક પરથી ૬૦૦૦ મતોની બહુમતી સાથે જીત હાંસલ કરી

ગત વખતે કોંગ્રેસ આ બેઠક પર ૧૨ ટકા મત સાથે ત્રીજા ક્રમે હતી

હરિયાણા ,તા.૮

હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં હાલમાં જ રાજકારણમાં જોડાનારી પૂર્વ રેસલર વિનેશ ફોગાટે જુલાના બેઠક પરથી ૬૦૦૦ મતોની બહુમતી સાથે જીત હાંસલ કરી છે.

કોંગ્રેસે વિનેશ ફોગાટને અત્યંત જટિલ બેઠક પરથી ઉમેદવાર બનાવી હતી. જુલાના બેઠક પરથી ફોગાટ પૂર્વ આર્મી કેપ્ટન અને ભાજપના ઉમેદવાર યોગેશ બૈરાગીને ટક્કર આપી રહી હતી. બૈરાગીને ૬૦૦૦ મતોની સરસાઈથી ધોબીપછાડ આપ્યો છે. આ સિવાય જુલાના બેઠક પરથી જેજેપી તરફથી ઉમેદવાર અમરજીત ધંડા, અને આપની રેસલર કવિતા દલાલે ચૂંટણી લડી હતી.

ગત વખતે કોંગ્રેસ આ બેઠક પર ૧૨ ટકા મત સાથે ત્રીજા ક્રમે હતી. જેજેપીના અમરજીત ધાંડા આ સીટ પરથી ચૂંટણી જીત્યા હતા. એક વાત વિનેશ ફોગાટની તરફેણમાં જઈ શકે છે અને તે એ છે કે જેજેપી આ ક્ષેત્રમાં નબળી પડી રહી છે. જેજેપીના મતદારો ભાજપની વિરુદ્ધના મતદારો હતા, તેથી વિનેશ માટે જીતનો માર્ગ સરળ બન્યો હતો.


# અમરેલી શહેરમાં દિવસ અને રાતનાં સમયે સફાઈ ઝુંબેશ











સમગ્રદેશમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં 'સ્વચ્છ ભારત દિવસ'–પૂ. મહાત્મા ગાંધીજીની જન્મજયંતી, 'સ્વચ્છ ભારત મિશન'ના સફળતાના શાનદાર ૧૦ વર્ષની ઉજવણી કરવામાં આવી રહી છે. સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત અમરેલી નગરપાલિકા દ્વારા અમરેલી શહેરને સ્વચ્છ અને સુઘડ બનાવવા માટે દિવસ અને રાત્રિના સમયે શહેરમાં સઘન સઘન સફાઈ કામગીરી કરવામાં આવી રહી છે. અમરેલી નગરપાલિકાતંત્ર દ્વારા શહેરના ગાંધીબાગ રોડ, ચક્કરગઢ રોડ, સંકુલ વિસ્તાર, કોલેજ ચોકથી સ્ટેશન રોડ સહિતના સ્થળોએ રાત્રિના સમયે સફાઈ કરવામાં આવી હતી. નિયમિતક્રમ મુજબ દિવસના સમયે વિવિધ વિસ્તારોમાં શેરીઓમાં કચરો સાફ કરવામાં આવી રહ્યો છે. સ્વચ્છતા માટે જનજાગૃતિ કેળવાય તે માટે રચનાત્મક કાર્યો દ્વારા જરૂરી પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત સફાઈ કર્મીઓના આરોગ્યની પણ વિશેષ કાળજી લેવામાં આવી રહી છે. આગામી તા.૩૧ ઓકટોબર સુધી સમગ્ર રાજયમાં સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત ઝુંબેશ સ્વરૂપે અનેકવિધ પ્રવૃત્તિઓ થઈ રહી છે. આ અભિયાનમાં અમરેલી જિલ્લામાં પણ વિવિધ તાલુકાઓમાં અને નગરપાલિકા વિસ્તારમાં સ્વચ્છતા અંગેના જાગૃતિ કાર્યક્રમો તેમજ નિયમિત ક્રમ મુજબ સફાઈ કામગીરી થઈ રહી છે. વધુમાં વધુ નાગરિકોને સ્વચ્છ ભારત અભિયાનમાં જોડાવવા અનુરોધ છે.

# ચલાલા : પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞ સાથે પાટોત્સવની શાનદાર ઉજવણી



ચલાલા યુગ નિર્માણ ગાયત્રી પરિવાર દ્વારા વેદમાતા ગાયત્રી, સરસ્વતીમાતા, લક્ષ્મીમાતા, સિદ્ધિવિનાયક ગણપતિ મહારાજ તથા સોમનાથ મહાદેવના મંદિરનો પાટોત્સવ પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞ અને મહાપ્રસાદ સાથે પાટોત્સવની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન કરાયું હતું. જેમાં પૂ. ડો. રતિદાદા એ શાસ્ત્રોક્ત વીધી થી વાતાવરણ દીવ્યમય બનાવી કાર્ય સંપન્નકરાવ્યું હતું. તેમજ યજમાનો હરિબા મહિલા કોલેજ, ગાયત્રી સંસ્કાર વિદ્યાલય, રક્ષા શક્તિ સ્કુલ, સંસ્કૃત શક્તિ ગુરૂકુળ તથા સમગ્ર સ્ટાફગણે યજ્ઞમાં સામુહિક આહુતિઓ આપી લાભ લીધો હતો. આ કાર્યક્રમ ને સફળ બનાવવા ડાયરેકટર શ્રી ભારત ભૂષણ મહેશભાઈ મહેતા તથા આચાર્ય શ્રી શીતલબેન મહેતા તેમજ સમગ્ર સ્ટાફગણે જહેમત ઉઠાવી હતી.

## સાવરકુંડલાના સંત ૧૦૮ વૃક્ષો વાવી તેની માવઝત કરી ઉછેર કરી રહ્યા છે



સાવરકુંડલા, તા. ૮

સાવરકુંડલાના વિજયા નગર ગામના રોડ પર સાવરકુંડલાથી ચાર કિલોમીટર દૂર શેણીયા ખોડિયાર ડેમના કાંઠે આવેલ સુપ્રસિધ્ધ તપસીગીરી બાપુના આશ્રમની આસપાસ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પર્યાવરણ અને પ્રકૃતિની રક્ષા સાથે ગ્લોબલ વોર્મિંગના પડકારો સામે રક્ષના માટે વૃક્ષો વાવવા એક પેડ માં કે નામ અભિયાન અંતર્ગત ભારતના અને વિશ્વભરના લોકોને પોતાની માતા સાથે મળીને કે માતાને અંજલી રૂપે એક વૃક્ષ વાવવાની પ્રેરણા આપી છે.

સાવરકુંડલા શેણીયા ડેમના કાંઠે આવેલ આશ્રમ ખાતે શ્રીપંચ દશનામ જુના અખાડાના સાધુ તપસીગીરીબાપુ ગુરૂ ગંગાગીરીબાપુ દ્વારા પોતાના એકલા હાથે ૧૦૮ વૃક્ષો વાવી દરરોજ વૃક્ષોને પાણી આપવું, પવનના હિસાબે રોપા ઢળી ન જાય તે માટે ટેકા લગાડવા, અમુક વૃક્ષોને પશુ દ્વારા નુકશાન ન કરે તે માટે ટ્રી ગાર્ડ પીઝરા લગાડવા, વૃક્ષોને સારી રીતે પાણી મળી રહે તેમાટે ખામણા કરવા, ખાતર નાખવું વગેરેની સતત માવજત કરી રહ્યા છે. અને વૃક્ષોનો ઉછેર કરી રહયાછે પૂજય મહંત તપસીગીરી બાપુએ વૃક્ષોને પણ પરોપકારી સંત ગણાવ્યાછે અને તે ૧૦૮ વૃક્ષોની સંભાળ લઈ રહ્યા છે. સંત તપસીગીરી બાપુ અને તેમના સેવકો જયેશભાઈ માટલીયા, હરેશભાઈ સગર, લાલભાઈ ભરવાડ જાબાળ, ભાકુભાઈ દેગામા,બટુકભાઈ ઉનાવા, રમેશભાઈ ડુબાનિયા વગેરે દ્વારા સાવરકુંડલા તાલુકાના મોટાઝીઝુડા ગામ ખાતે આવેલ સરકારી નર્સરીમાંથી પશુ, પક્ષીઓ અને રાહદારીઓને છાંયડો મળી રહે અને પર્યાવરણની જાળવણી માટે ૧૦૮ વૃક્ષોની સરકારી પડતર ડુંગરાળ જગ્યામાં વૃક્ષો વાવી તેનું જતન કરવામાં આવી રહ્યુંછે સંત તપસીગીરી બાપુ દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના એક પેડ માઁ કે નામ અભિયાન અને વૃક્ષ વાવો પર્યાવરણ બચાવોના અનોખા અભિયાનમાં પોતાના સેવકો, સંતોને જોડી વધુમાં વધુ વૃક્ષો વાવવાના સંકલ્પ બાબતે સાવરકુંડલા લીલીયા વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળા દ્વારા પૂજય સંત તપસીગીરી બાપુનો આભાર વ્યક કરવામાં આવ્યો હતો.

## ધારીનાં ભરવાડ શેરીમાં ૫૦ વર્ષથી પ્રાચિન નોરતા યોજાઈ છે



ધારી, તા. ૮

ધારી જુના બસ સ્ટેન્ડ પાસે આવેલ ભરવાડ શેરીમાં છેલ્લા ૫૦ વર્ષથી જય ભવાની ગરબી મંડળ દ્વારા પ્રાચીન રાસ ગરબા બાળાઓ દ્વારા લેવામાં આવે છે, ભરવાડ શેરીમાં તમામ જ્ઞાતિના લોકો તેમજ અન્ય વિસ્તારમાં રહેતા મિત્રોના સાથ અને સહકારથી સુંદર મજાનું આયોજન વર્ષોથી થઈ રહ્યું છે. અહીં આજે પણ ઢોલના તાલે માતાજીના પ્રાચીન ગરબા ગાઈ બાળાઓ દ્વારા રાસની રમઝટ બોલાવી માતાજીના ગુણગાન ગાવામાં આવી રહ્યાં છે.

## સા.કુંડલા ખાતે મહિલા આટર્સ કોલેજમાં 'નવરાત્રી ગરબા મહોત્સવ'ની ઉજવણી



સાવરકુંડલા, તા. ૮

મહિલા આટર્સ કોલેજ, સાવરકુંડલા ખાતે 'નવરાત્રી ગરબા મહોત્સવ'ની ઉજવણી કરવામાં આવી, કાર્યક્રમના પ્રારંભે આચાર્ય ડી.એલ.ચાવડા, સ્ટાફ ગણ અને વિદ્યાર્થીની બહેનોએ માં આદ્યશક્તિની ભાવ સભર આરતી કરી અને પ્રસાદ વિતરણ કરવામાં આવ્યો, ખેલૈયા બહેનોએ ટ્રેડિશનલ ડ્રેસમાં માતાજીના ગરબાની રમઝટ બોલાવીમાં ની આરાધના કરી, સેસ્ટાફ મિત્રોએ પણ રાસ રમી બહેનોને પ્રોત્સાહિત કર્યા, સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રા.ડો.રૂકસાના કુરેશી અને ડો. હરિતા જોશીએ કરેલ હતું, કોમ્પ્યુટર ઓપરેટર કુ.જિજ્ઞા બગડાએ સહયોગ આપેલ, સેના સહકારથી આ કાર્યક્રમ ખૂબ ઉત્સાહપૂર્વક માહોલ વચ્ચે સંપન્ન થયેલ હતો.

## ભૈ વાહ : શ્રીમતી એસ.એચ.ગજેરા કેમ્પસના એથ્લેટિક્સ રમતમાં ખેલાડીઓએ નેશનલ કક્ષાએ ગોલ્ડ અને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો



અમરેલી, તા. ૮

અમરેલી તારીખ ૪ થી ૬ ઓકટોબરના રોજ ૩૫મી વેસ્ટ ઝોન જુનિયર નેશનલ એથ્લેટીક્સ ચેમ્પિયનશિપ નાગપુર-મહારાષ્ટ્ર મુકામે યોજાઈ હતી, જેમાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલના રમતવીરો દ્વારા પાર્ટિસિપેશન કરવામાં આવેલ.તેમાં અંડર-૧૬ માં નકુમ માર્ગી ૬૦૦ મીટર એથલેટીક્સમાં ગોલ્ડ મેડલ સાથે વિજય મેળવેલ, અંડર-૧૮ વાઘેલા દર્શન ૪૦૦ મીટર એથલેટીક્સમાં બ્રોન્ઝ મેડલ મેળવેલ, તેમજ ભૂરીયા આકાશ ૬૦૦ મીટર અને મકવાણા જાગૃતિ ૧ કિલોમીટર એથલેટીક્સમાં પાર્ટિસિપેશન કરેલ હતું. આ વિજેતા સ્પર્ધામાં થી શાળા કેમ્પસમાં પરત આવતા ભવ્ય સ્વાગત કરવામાં આવેલ જેમાં સંસ્થાના મંત્રી ચતુરભાઈ ખૂટ, કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી તેમજ પ્રિન્સિપાલ, સ્ટાફ, સ્ટુડન્ટસ હાજર રહ્યા હતા. વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવામાં આવેલ અન્ય વિદ્યાર્થીઓ પ્રેરણા મેળવે તે જરૂરી છે. સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાએ વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવેલ હતા.

## લીલીયા મોટાની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખાતે વન્યજીવ સપ્તાહની ઉજવણી



લીલીયા મોટા, તા.૮

આજ રોજ તા.૦૭-૧૦-૨૦૨૪ ના રોજ સરકારી વિનયનઅનેવાણિજય કોલેજ લીલીયાખાતે વન્યપ્રાણી સપ્તાહની ઉજવણીના ભાગ રૂપે વનવિભાગ-લીલીયાઅનેકોલેજ પરિવાર દ્વારા વિદ્યાર્થિઓમાં વન્યજીવોની જાળવણી અનેતેના સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાય તે હેતુ થીએક કાર્યકમનુંઆયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વનવિભાગ લીલીયા રેન્જના આર.એફ.ઓ.બી.જી.ગલાણી તથા તેમનો સ્ટાફઅને કોલેજના આચાર્ય રાજેન્દ્રસિંહજી એ. રાઠોડ તેમજ સામુદાયિક સેવાધારાના કોર્ડીનેટર સુભાષ ઓડેદરા તથા એન.એસ.એસ. કોર્ડીનેટર મહેશ ગઢીયા તેમજ કાલેજના તમામ સ્ટાફઅનેવિદ્યાર્થીઓ જોડાયા હતાં. કાર્યકર્મની શરૂઆત કોલેજના આચાર્યરાજેન્દ્રસિંહજીએ.રાઠોડ મહેમાનોનું પુષ્પગુચ્છથી તથા તેમના શાબ્દિક સ્વાગત સાથે કરી હતી. કોલેજ પરિવાર અને વનવિભાગ બંને દ્વારા એકબીજાને મોમેન્ટો અપર્ણકરાઈ હતી.ત્યારબાદ વનવિભાગની ટીમ દ્વારા પ્રેઝન્ટેશનના માધ્યમથી સિહ સવર્ધન તથા વનવિભાગની કામગીરી અંગેની તથા દીપડાથી બચવા અંગેની એમ કુલ બે ઓડિયો - વિઝ્યુઅલ કલીપ્સ બતાવવામાં આવી હતી. ત્યારબાદ આર. એફ. ઓ. બી.જી.ગલાણી એ વન્યજીવોની જાળવણીતેનાસંરક્ષણઅનેતેનીઉપીયોગીતા અંગેવિગતવાર માર્ગદશન આપ્યુંહતું. અંતમાં સુભાષ ઓડેદરા દ્વારા મહેમાનોની આભારવિધિ કરાઈ હતી. આસમગ્રકાર્યક્રમનું સંચાલનગઢીયાતેમજ ઓડેદરાદ્વારાકરવામાં આવેલુ હતું. કાલેજના અન્ય પ્રાધ્યાપકો ડો. પ્રકાશ પી.પરમાર, ડો.સબ્બીર પરમાર, ડો.ભરતખેની, લાભુભાઈ મેમકીયા, અજય જાની તથા ભૂમીબેન, રીધ્ધીબેન, માનસીબેન દ્વારા આકાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. આ સમગ્ર કાર્યક્રમમાં કોલેજના તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો તેમજ આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને સુજલામ સુફલામ જળ અભિયાન જિલ્લા સમિતિની બેઠક યોજાઈ

અમરેલી, તા.૦૮

સુજલામ સુફલામ જળ અભિયાન-૨૦૨૪ અન્વયે અમરેલી જિલ્લા સમિતિનીબેઠકજિલ્લાકલેક્ટર-વ-સુજલામ સુફલામ જળ અભિયાન જિલ્લા સમિતિના અધ્યક્ષ અજય દહિયાના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી.

આ બેઠકમાંસુજલામ સુફલામ જળ અભિયાન-૨૦૨૪ અંતર્ગત અમરેલી જિલ્લામાં માસ્ટર પ્લાન-૦૧ અને માસ્ટર પ્લાન-૦૨ હેઠળ મંજૂરી મેળવેલા જળ સંચયના વિવિધ કાર્યોની ચર્ચા કરવામાંઆવી હતી.

સુજલામ સુફલામ જળ અભિયાન-૨૦૨૪ અન્વયેજિલ્લામાંઆશરે રૂા.૪૨૭.૧૨ લાખના ખર્ચે ૧૫૫ કામો પૂર્ણ થયાછે.આ પૈકીના ૧૦૦ટકાલોકભાગીદારી ધરાવતા૬.૫૮.૪૬ લાખનાખર્ચે૦૯ કામો, ૬૦-૪૦ ટકા લોકભાગીદારી ધરાવતા રૂા.૨૩૭.૯૯ લાખના ખર્ચે ૭૩ કામો અને રૂા. ૧૩૭.૫૬ લાખના ખર્ચે ખનાર ૭૧ ખાતાકીય કામોનો સમાવેશ થાય છે. આ બેઠકમાં ૧૦૦ ટકા ખાતાકીય ખર્ચદ્વારા અને ૬૦-૪૦ રેશિયોમાં ૬૦ ટકા લેખે સરકાર દ્વારા ચૂકવવાના થતાં ૧૪૪ કામોની રકમને જિલ્લા કક્ષાની સમિતિમાં મંજૂરી આપવામાં આવી હતી.

બેઠકમાંજિલ્લાવિકાસઅધિકારી અનેસુજલામ સુફલામ જળ અભિયાન-૨૦૨૪સમિતિના સહ અધ્યક્ષ નોડલ અધિકારી, સભ્ય સચિવ અને કાર્યપાલકઈજનેર, સિંચાઈ, પંચાયત તેમજ વિવિધ કચેરીઓના અધિકારીઓ, કર્મચારીઓ અને સભ્યઓની ઉપસ્થિતિમાં બેઠકની કાર્યવાહીનેબહાલીઆપવામાંઆવી હતી.

## દશેરા, દિવાળીનાં તહેવારોમાં સ્વચ્છતા કરો
## બાબરામાં અનેક સ્થળોએ ગંદકીનો માહોલ હોવાથી સ્વચ્છતા અભિયાન જરૂરી

### પાલિકાનાં શાસકોએ ગંદકી દૂર કરવી જોઈએ

બાબરા, ૮

બાબરા શહેરમાં જયારે પાણી આવે ત્યારે મોટા ભાગના વિસ્તારોમાં રસ્તાપર દુર્ગંધ મારતા પાણી વહેતા જોવા મળે છે.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

ભૂગર્ભ ગટરના કામો થયાં પણ એ ખાલી ચોપડે થયાં હોય એવું લાગી રહ્યું છે. કારણકે શહેરનો એક પણ વિસ્તાર એવો નહિ હોય કે પાણી આવે એટલે પાણી ભૂગર્ભ ગટરની જગ્યાએ રોડ પર વહેતા હોય છે . મેઈન બજારમાં પણ બેફામ પાણી રસ્તા પર વહેતા હોય છે. હાલ તહેવારની સિઝન શરૂ હોય જેના હિસાબે બજારમાં ખરીદીઅર્થે આવતા લોકોને પણ આવા દુર્ગંધ મારતાં પાણીમાંથી પસાર થવું પડે છે.

હજુ થોડા દિવસ પહેલા મેલડી માતાજી મંદિરના ભકત રાજુભાઈ જેઠવા દ્વારા એક ધ્વજા રોહણનો કાર્યક્રમ રાખ્યો હતો. જેમાં ધારપરાથી મોટી સંખ્યામાં નાની મોટી બાળાઓ, ભકતગણ સહિત મોટી સંખ્યામાં લોકો પગપાળા મેલડી માતાજીના મંદિરે ધ્વજા ચડાવવાં જતા હતા. ત્યારે ધારપરાથી ચમારડીનાં ઝાપા પાસે અને જીવનપરા વિસ્તારમાં રોડ પર આ દુર્ગંધ મારતાં પાણી વહી રહ્યા હતા. એમાં નાછૂટકે આ પગપાળા જતાં લોકોને આવા પાણીમાંથી પસાર થવું પડયું હતું . નવરાત્રી હોય અને ધાર્મિક સારૂં કાર્ય હોય એટલે લોકો સવારે ન્હાઈને આ પગપાળા યાત્રામાં જોડાયા હોય અને બાદમાં આવા પાણીમાંથી પસાર થવું એ કેટલું યોગ્ય ગણાય.ધારપરા વિસ્તાર સહિત રોડની આજુ બાજુમાં કચરાનાં પણ ઢગલાઓ જોવા મળી રહ્યા છે ત્યાં પણ સાફ સફાઈની જરૂરીયાત છે. ભૂગર્ભ ગટરની કુંડીઓ અવાર નવાર ભરાય જાય અને થોડાં દિવસે એને સાફ કરીને જતું રહેવું એ એનો રસ્તો નથી. રસ્તો એવો કરો કે કોઈ દિવસ કુંડી ભરાય નહિ અને રોડ રસ્તા, બજારોમાં આવા દુર્ગંધ મારતા પાણી વહે નહિ. જેથી લોકોને આવા પાણીમાં ચાલવું ના પડે. શહેરની જનતા લાખો રૂપિયાના વેરા સમયસર ભરતી હોય તો પાલિકાની પણ ફરજ છે કે લોકોને સુવિધાઓ આપવી જોઈએ અને શહેરને સ્વચ્છ રાખવું જોઈએ તેવી શહેરની જનતા માંગ કરી રહી છે.

## પાલિકાનાં શાસકો આળશ ખંખરે તે જરૂરી
## જાફરાબાદમાં આડેધડ ખોદકામ કરીને માર્ગની મરામત કરવાનું ભુલી જવાયું

### લાઈટ હાઉસ અને બંદર ચોક નજીક વધુ પરેશાની

જાફરાબાદ, તા.૮

જાફરાબાદ પાલિકા દ્વારા બંદરચોકથી લઈને લાઈટ હાઉસ સુધી ઘણા સમયથી ખોદકામ કરેલ રોડ ઉપર ફક્ત મટીરીયલ નાખી જેવી તેવી હાલતમાં હોય પાલિકાદ્વારાહાલમાંઅમુકજગ્યાએ રોડ પહોળા કરી બનાવવામાં આવતા આરસીસી રોડ બનાવવામાં આવી રહ્યા છે. પરંતુ જયાં મોટી સંખ્યામાં રાહદારીઓ તથા મુસાફર જનતાઓ માટે અવર જવર તથા વાહનચાલકોની અવર જવર માટેનો રોડ હોય અને આ બંદરચોકમાં મોટા મોટા તહેવારોની ઉજવણી થતી હોય જુનું બસ સ્ટેશન હોવાથી બહાર ગામથી લોકોની અવર-જવર હોય આ ભરચક્ક વિસ્તાર હોય તેવા બંદરચોકના રોડ સાઈડમાંથી ખોદાયેલી હાલતમાં હોવાથી આ રોડ બનાવવા બાબતે વહીવટી તંત્ર ધ્યાન ઉપર લઈ તેનું પર વહેલી તકે સમાવેશ કરીને વિકાસ ના કર્યો કરે તેવી માંગ ઉઠી લાઈટ હાઉસ જતો રોડ પર સાઈડમાંથી ખોદેલી હાલમાં હોય તે બન્ને રોડ મુસાફર જનતા માટે બનાવવામાં આવે તેવી માંગ જનતા જનાર્દનમાંથી ઉઠી રહી છે. અહી ઘણા સમયે પહેલા પાણીની પાઈપલાઈન નાખવા માટે પાલિકા દ્વારા ખોદવામાં આવ્યો હતો પરંતું આ ખોદાયેલા રોડ ઉપર કપચી અને માટી જેવું મટીરીયલ નાખી ઘણા સમયથી જેવીતેવી હાલતમાં હોય અને પવનના લીધે આ રોડ ઉપર નાખેલું મટીરીયલ ઉડી દુકાનદારોની દૂકાનોમાં જતું હોય અહીંથી પસાર થતાં વાહનો ટુ વ્હીલર ચાલકો ફોર વ્હીલર ચાલકોના વીલમાં આવતાકાકડા આવી ચડતા રાહદારીઓના માથા સુધી લાગે અને મોટી જાનહાનિમાં મૃત્યુ સુધી જેવી ઘટનાઓ ઘડે તે પહેલાં ખોદાયેલા રોડ પાલિકા ધ્યાન ઉપર લઈ બનાવવામાં આવશે કે પછી હોતા હૈ ચલતા હૈ તેવું અપનાવવામાં આવશે આ લાઈટ હાઉસ રોડથી લઈને બંદચોક સુધીનો સાઈડમાંથી ખોદાયેલા બન્ને જોડતા રોડ વિકાસ કાર્યોમાં તાત્કાલિક ધોરણે બનાવવામાં આવે તેવી માંગ રાહદારીઓ તથા દુકાન ધરાવતા દુકાનદારો મુસાફર જનતામાંથી ઉઠી છે.



તસ્વીર : ભરત બારૈયા-જાફરાબાદ

## રાજકોટમાં હિન્દી માધ્યમની શાળા ખોલવા રજુઆત છતા કોઈ ઉકેલ નહી

રાજકોટ તા. ૮, રાજકોટ શહેરમાં વસતા પરપ્રાંતીયોના બાળકોના શિક્ષણ માટે નવી સરકારી હિન્દી પ્રાથમિક શાળા ખોલવા સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતની અરજી કરવા છતાં આજ સુધી રાજકોટકોર્પોરેશન દ્વારા શાળા શરૂ કરાઈ નથી. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાતના મોટા શહેરો અમદાવાદ, વડોદરા અને સુરત અને જામનગર, કચ્છ, વલસાડ જેવા શહેરોમાં ઘણી બધી હિન્દી શાળાઓ કાર્યરત છે. રાજકોટ હાલ વિકાસની હરણફાળ ભરી રહ્યુંછે અને શહેરમાં અનેક યુપી, બિહાર, રાજસ્થાન અને મધ્યપ્રદેશના પરપ્રાંતીય લોકો કાયમી વસવાટ કરે છે. આવા લોકોના બાળકોને ગુજરાતી માપ્રયમમાં અભ્યાસ કરતા પ્રત્યાયનની મુશ્કેલી ઊભી થાય છે. રાજકોટ આજી ડેમ નજીક હિન્દી ભાષી લોકોની વસ્તી ધરાવતા એક વિસ્તારમાં રાજમાહી માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સર્વે કરી આશરે ૧૫૦ બાળકોનો સર્વે કરવામાં આવેલ અને ત્યારબાદ રાજકોટ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શાસનાધિકારી શ્રી ને આ બાબતે શાળા શરૂ કરવા દરખાસ્ત કરેલ. શાસનાધિકારી દ્વારા આ બાબતે ગાંધીનગર નિયામક કચેરી ખાતે નવી શાળા શરૂ કરવા માટે દરખાસ્ત પણ મોકલવામાં આવેલ પરંતુ કોર્પોરેશનના ૧૦% નિભાવ ખર્ચના ઠરાવની અપૂર્તતા હોવાના કારણે ગાંધીનગર નિયામક શ્રી દ્વારા દરખાસ્તમાં આ ઠરાવની પુર્તતા કરવા જણાવાયું હતું. પરંતુ ત્યારબાદ શાસનાધિકારી શ્રી નો ટેલીફોનીક સંપર્ક કરતા તેઓ દ્વારા એવો જવાબ આપવામાં આવ્યો કે હાલ અમારી પાસે શાળા શરૂ કરવા માટેજગ્યા નથી, માટે હિન્દી શાળા શરૂ કરી શકાશે નહિ. ઉલ્લેખનીય છે કે ગુજરાત શિક્ષણ વિભાગના રાઈટ ટુ એજયુકેશન ૨૦૦૯ ના નિયમ મુજબ દરેક બાળકને પોતાની માતૃભાષામાં શિક્ષણ મેળવવાનો અધિકાર છે. નજીકમાં શાળા ઉપલબ્ધના હોય તો દૂર અભ્યાસ અર્થે જતા વિદ્યાર્થીઓ માટે ગુજરાત સરકાર ટ્રાન્સપોર્ટશન ખર્ચ પણ ચૂકવે છે ત્યારે રાજકોટ નગર શિક્ષણ સમિતિ દ્વારા આ બાબતે કોઈપણ નક્કર પગલાં ભરવામાં આવતા નથી. જો આવનારા દિવસોમાં આ બાબતે નિયમોનુસાર કામગીરી નહિ કરવામાં આવે અથવા તેમાં ઢીલી નીતિ રાખવામાં આવશે તો ઉચ્ચ કક્ષાએ તમામ પુરાવાઓ સહિત લેખિત રજૂઆત કરવામાં આવશે.,

# અમરેલી જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયાના અધ્યક્ષ સ્થાને ભારત વિકાસ પ્રતિજ્ઞા લેવામાં આવી




વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત રાજયમાં મુખ્યમંત્રી તરીકે પદભાર સંભાળી ૨૩ વર્ષ અગાઉ રાજયની વણથંભી વિકાસયાત્રા શરૂ કરી હતી. આ અવસરને વધાવવા માટે રાજય સરકાર દ્વારા સમગ્ર રાજયમાં ઓકટોબર–૨૦૨૪ની તા. ૭ થી તા. ૧૫ દરમિયાન 'વિકાસ સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણીના ભાગરૂપે અમરેલી જિલ્લા પંચાયત ખાતે જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યાના અધ્યક્ષ સ્થાને ભારત વિકાસ પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. અમરેલી જિલ્લા પંચાયત ખાતે ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મયોગીઓએ ભારત વિકાસ પ્રતિજ્ઞા લઈ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભે જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યાએ ઉપસ્થિત અધિકારી અને કર્મયોગીઓને 'વિકાસ સપ્તાહ– ૨૦૨૪' અંતર્ગત અમરેલી જિલ્લા પંચાયત અંતર્ગત થનારી પ્રવૃત્તિઓ અંગે દિશાનિર્દેશ આપ્યા હતા. વિકાસ સપ્તાહ અંતર્ગત ૦૯ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ તાલુકા કક્ષાની તમામ કચેરીઓ અને પેટા કચેરીઓ સાથે ભારત વિકાસ પ્રતિજ્ઞા લેવામાં આવશે. તા.૧૦, ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ ગ્રામ્ય કક્ષાએ પણ ભારતના વિકાસ પ્રતિજ્ઞા લેવામાં આવશે. અધિકારીઓ – કર્મચારીઓ સહિતના નાગરિકો જોડાશે. વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત ભારત વિકાસ પ્રતિજ્ઞા ઓનલાઈન લઈ શકાય તે હેતુથી http:/pledge. mygov. in/bharat-vikas પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે. તેનો લાભ રાજયના નાગરિકો લઈ શકશે અને પ્રતિજ્ઞા લીધાનું સર્ટિફિકેટ મેળવી શકશે. આ કાર્યક્રમમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, જિલ્લા પંચાયતના વિવિધ અધિકારીઓ અને કર્મયોગીઓએ શપથ લઈ અને ઓનલાઈન રજિસ્ટ્રેશનની પ્રક્રિયા કરી હતી.

### બેટી બચાવો, બેટી પઢાઓનાં દાવાઓ વચ્ચે

## ગુજરાતમાં મહિલાઓ ઉપર અત્યાચારના બનાવોમાં વધારો થતાં નારાજગીનો માહોલ

### અમરેલી ખાતે આમ આદમી પાર્ટીએ ગૃહમંત્રીનુ રાજીનામુ માંગ્યુ





અમરેલી, તા. ૮

ગુજરાતમાં મહિલાઓ ઉપરના વધતાં જતાં અત્યાચારોને રોકવા માટે પગલાં લેવા બાબતે તેમજ આ બાબતે નિષ્ફળ નીવડેલા ગૃહમંત્રીને પદભ્રષ્ટ કરવા બાબતે આજે આમ આદમી પાર્ટીના મહિલા વિંગના પ્રદેશના મહિલા નેતાઓ અને મોટી સંખ્યામાં મહિલા કાર્યકર્તાઓ દ્વારા ગુજરાતના અમરેલી સહિત તમામ જિલ્લાઓમાં કલેકટરના માધ્યમથી મુખ્યમંત્રીને આવેદનપત્ર સોંપાયું. આ આવેદનપત્રમાં જણાવવામાં આવ્યું હતું કે, ગુજરાતની ભાજપ સરકાર નાગરિકોની સુરક્ષાને લઈને ખૂબ જ ગર્વોક્તિઓ અને મિથ્યા–અહંકાર કરતી સતત જોવા મળે છે અને પોતાની જાતને ભરોસાની સરકાર કહેવડાવે છે પણ આ જ ભાજપ સરકારના (કુ)શાસનમાં મહિલાઓ પ્રત્યેના અપરાધમાં સતત ને સતત વધારો જ થતો જાય છે. વર્તમાન ગૃહમંત્રીના શાસનમાં તો અપરાધીઓ બેફામ બન્યા છે.

છેલ્લા પંદર દિવસમાં જ બળાત્કારની છ ગંભીર ઘટનાઓ સામે આવી છે. દાહોદ, સુરેન્દ્રનગર, મહેસાણા અને હવે ભાયલી (વડોદરા)માં ૧૬ વર્ષની એક માસુમ દિકરી પર ગેંગરેપની ઘટના સામે આવી છે. આવી ઘટનાઓને કારણે ગુજરાતની દિકરીઓ–મહિલાઓ ખુબ જ ભય અને અસલામતીની લાગણી અનુભવી રહી છે ત્યારે ગૃહમંત્રીએ કાયદો અને વ્યવસ્થા સુધારવા ઉપર ધ્યાન આપવું જોઈએ, એને બદલે ગૃહમંત્રી ફાંકા–ફોજદારી, ફાલતું નિવેદનો અને રીલ બનાવવામાં વ્યસ્ત છે. આ પરિસ્થિતિમાં ગુજરાતની મહિલાઓએ શું કરવું? આથી ગુજરાતના તમામ પરિવારો વતી અમારી એ માંગણી છે કે ગુજરાતની કાયદા– વ્યવસ્થાની સ્થિતિને તાત્કાલિક સુધારીને મહિલાઓને સુરક્ષાની બાંહેધરી આપવામાં આવે અને આવી કથળેલી કાયદા– વ્યવસ્થાની સ્થિતિ માટે જવાબદાર એવા ગૃહમંત્રીને પદભ્રષ્ટ કરવામાં આવે. આ બાબતે આવેદન પત્ર આપવામાં આવ્યું આ તકે અમરેલી જિલ્લા મહિલા પ્રમુખ એડવોકેટ કવિતાબેન પરમાર તથા જિલ્લા પ્રમુખ નિકુંજભાઈ સાવલિયા, જિલ્લા પદાધિકારી જેરામભાઈ સોહલિયા, અમરેલી તાલુકા પ્રમુખ જયદીપભાઈ પાંચાણી તથા અમરેલી તાલુકા SC wing પ્રમુખ નરેશભાઈ પરમાર, વગેરે હાજર રહ્યા હતા.

### પાના ૧ ઉપરનું ચાલું બગસરનાં એસ.ટી. ડેપોમાં

આંખ ઉઘડી અને તાત્કાલિક ધોરણે ફોનનું ડબલુ ફીટ કરવામાં આવ્યું હતું. જેમાં પેસેન્જરે હાશકારો અનુભવ્યો હતો. છેલ્લા છ દિવસથી હેરાન થતાં પેસેન્જર બે લિોમીટર દૂરથી ફોનનું ડબલું બંધ હોવાથી બહારગામ જવા માટે બસ સ્ટેન્ડે બસ માટે પુછવા આવવું પડતું હતું. ત્યારે ''અમરેલી એકસપ્રેસ''માં અહેવાલ પ્રસિધ્ધ થતાં તાત્કાલિક ધોરણે આ ફોન ચાલું કરવામાં આવ્યો હતો. જોકે બીએસએલએલ વિભાગનો કોઈ વાંધો જ ન હતો કારણ કે તે લોકોએ કહ્યું હતું કે હાલ અમારી પાસે ફોનનું ડબલુ નવું નથી માટે તમો બજારમાંથી ખરીદી કરીને મુકી શકો છો. કારણ કે હાલ તો બીજો કોઈ ફોલ્ટ નથી માત્ર ડબલુ જ ખરાબ છે જેના લીધે એસ.ટી. વિભાગની ઢિલાસના લીધે પેસેન્જરને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો. હાલ પેસેન્જરે ફોન ચાલું થતાં હાશકારો અનુભવ્યો હતો.

### પાના ૮ ઉપરનું ચાલું રાજુલાની રાષ્ટ્રીયકૃત બેન્કનાં

મેળવ્યા વગર પાક ધિરાણ લોનની રકમમાં રૂપિયા૯,૦૦,૦૦૦થી વધારી રૂપિયા ૧૨,૦૦,૦૦૦ની કરી રૂપિયા ૩,૦૦,૦૦૦ની પાક ધિરાણ લોનની લીમીટમાં વધારો કરી બેન્ક કર્મીએ બેન્કમાં કોઈ વાઉચર નહિ રાખી પોતાના હોદ્દાનો દુરૂપયોગ કરી પોતાની મેળે પોતાની આઈ.ડી.નો ઉપયોગ કરી લોનની કુલ રકમ રૂપિયા ૮,૦૦,૦૦૦નો વધારો કરી અને તે અંગે ટ્રાન્જેકશન કરી રૂપિયા ૮,૦૦,૦૦૦ રોકડ નાણા ઉપાડી લઈ પોતે એક નેશનલાઈઝ બેન્ક કર્મચારી હોવા છતા પોતાના હોદ્દાનો દુરૂપયોગ કરી બદદાનતથી પોતાનો આર્થિક લાભ મેળવવા માટે રાજુલા પંજાબ નેશનલ બેન્ક તથા બેન્કના પાક ધિરાણના ખાતા ધારક સાથે વિસઘાત કરી કુલ રૂપિયા ૮,૦૦,૦૦૦ નાણાની ઉચાપત કર્યાની બેન્ક કર્મી સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### પાના ૧ ઉપરનું ચાલું સિવિલ હોસ્પિટલ, તાલુકા પંચાયત

અમરેલી ખાતે આવેલ જિલ્લા કક્ષાની સિવિલ હોસિપટલમાં આવેલ રસોડુ કે જયાં ગરીબ દર્દીઓ માટે ભોજન બનાવાતું હોય છે તેની પાછળ ઉભરાયેલી ગટર અને ગંદકી જોવા મળી રહી છે. હોસ્પિટલ કેમ્પસમાં સૌથી વધુ સ્વચ્છતા જરૂરી હોય છે. જો ત્યાં પણ યોગ્ય રીતે સફાઈ ન થાય તો સ્વચ્છતા અભિયાનનો કોઈ મત્તલબ રહેતો નથી.

તદુઉપરાંત સિવિલ હોસ્પિટલનાં પટાંગણમાં ચાલતી તાલુકા પંચાયત કચેરીમાં પણ છેલ્લા એક મહિનાથી સફાઈ કાર્ય ન થતાં કર્મચારીઓ અને અરજદારો તોબા પોકારી ગયા છે. જો તાલુકા પંચાયત કચેરીમાં જ ગંદકી જોવા મળતી હોય તો તાબાની ગ્રામ પંચાયતોમાં શું પરિસ્થિતિ હશે તે સમજી શકાય તેમ છે.

તદુઉપરાંત રેડક્રોસ સોસાયટી નજીક આવેલ અને જયાં જિલ્લા પંચાયતનાં પ્રમુખનું નિવાસસ્થાન છે તેની બગલમાં આવેલ પંચાયત કવાર્ટર નજીક પણ બેફામ ગંદકી જોવા મળી રહી હોય પદાધિકારીઓ અને અધિકારીઓએ આવા મહત્વનાં સ્થળોએ સફાઈ કરવી જોઈએ અથવા તો સફાઈ કરવા આદેશ આપવો જોઈએ તેવું જનતા જનાર્દન ઈચ્છી રહી છે.

### નાયબ કલેકટરની અધ્યક્ષતામાં

## સાવરકુંડલા ખાતે તાલુકા સંકલન સમિતિની બેઠક યોજાઈ ગઈ

### ધારાસભ્ય કસવાલાએ વિવિધ સુચનો કર્યા



સાવરકુંડલા, તા. ૮

સાવરકુંડલાના ૯ પ્રશ્નોનું નિરાકરણ માટે આ બેઠકમાં સાવરકુંડલા શહેરના તેમજ તાલુકા વિકાસ માટે અનેક મહત્વના મુદ્દાઓ ઉપર ચર્ચા કરવામાં આવી. જેમાં (૧) સાવરકુંડલા શહેરને વધુ સુરક્ષિત બનાવવા માટે સીસીટીવી કેમેરા લગાવવાની કામગીરી ઝડપથી પૂર્ણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. (૨) સાવરકુંડલા તાલુકાના લોકોને આધારકાર્ડમાં સુધારા કરવા માટે થતી મુશ્કેલીનું તાત્કાલિક નિરાકરણ લાવવાની જવાબદારી સોંપવામાં આવી. (૩) શહેરમાં અનેક વિસ્તારોમાં થયેલ સરકારી જગ્યા પર દબાણ દૂર કરવા માટે કાર્યવાહી કરવાનું નક્કી કરવામાં આવ્યું. (૪) આંગણવાડી બહેનોને મળતી ગ્રેજયુટીની ચુકવણી ઝડપથી કરવાની બાબત પર ભાર મૂકવામાં આવ્યો. (૫) નવા સ્પોટર્સ સંકુલ સુધી પહોંચવા માટે નગરપાલિકા દ્વારા મંજૂર કરેલ રસ્તા પરનું સરકારી જગ્યા પર થયેલ દબાણ દૂર કરવામાં આવે. (૬) પંચાયત વિભાગમાં આવતા રસ્તા પર જંગલકટીંગ કરવામાં આવે. (૭) ગામતળની સનદ કામગીરી બાબત. (૮) મહેસુલને લગતા પ્રશ્નોની બાબત. (૯) એસ.ટી. વિભાગના ગ્રામ્ય વિસ્તારમાં સ્ટુડન્ટ માટે સમયસર બસ મળી રહે તેવી રજૂઆત કરવામાં આવી તેમજ અમલ માટે સંબંધિત વિભાગોને જરૂરી સૂચનાઓ અધિકારી દ્વારા આપવામાં આવી છે જેમાં સંકલન સમિતિના સભ્યો, ધારાસભ્ય ઓફિસ ઈન્ચાર્જ જે.પી. હિરપરા, નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડીયા, શહેર ભાજપ મહામંત્રી રાજેશભાઈ નાગ્રેચા વિવિધ વિભાગનાં અધિકારીઓ ઉપસ્થિત રહ્યા.

### પાના ૮ ઉપરનું ચાલું નાગરિક બેન્કનાં ચેરમેન પદે

ટ્રસ્ટના મુખ્ય ટ્રસ્ટી તેમજ નાગરિક બેન્કના નવ નિયુકત ચેરમેન હસુભાઈ પોપટ દ્વારા જણાવ્યું હતું કે, નાગરિક બેન્કનો સર્વાંગી વિકાસ થાય તે દિશામાં બોર્ડ ઓફ ડિરેકટર કામ કરશે. તેઓએ બેન્કના આદ્ય સ્થાપક અને શહેરના સહકારી અગ્રણી સ્વર્ગસ્થ ભગુભાઈ ખખરને યાદ કરી જણાવ્યું હતું કે ભગુભાઈએ બેન્કની સ્થાપના કરી જે સપના જોયા હતા તે પુરા કરવામાં કોઈ કચાસ નહિ રાખવામાં આવે. તમામ સભાસદો તેમજ નાના મોટા વેપારીઓને બેન્ક વધુમાં વધુ ધંધા રોજગાર ઉપયોગી થાય તે રીતે બેન્કનો વહીવટ કરવામાં આવશે.

બેંકની તમામ વહીવટી પ્રક્રિયા અને સ્પષ્ટ રીતે આરબીઆઈની ગાઈડ હેઠળ કામ કરવામાં આવશે. શહેરના લોકોને નાગરિક બેન્ક લાગે તેવું વાતાવરણ ઉભું કરવામાં આવશે. સમગ્ર જિલ્લામાં નહિ પણ સૌરાષ્ટ્ર ગુજરાતમાં બાબરા નાગરિક બેન્ક નું નામ અને કામ વધે તે રીતે બેન્કનો વહીવટ કરવામાં આવશે. તેવું અંતમાં બેન્કના નવ નિયુકત ચેરમેન હસુભાઈ પોપટે જણાવ્યું હતું.


**CHANGE OF NAME**

I hereby declare, Hareshkumar Kanjibhai Dhaduk, My daughter's old name was Yashvi Hareshbhai Dhaduk wich has been changed to Yashvi Hareshkumar Dhaduk henceforth she will be Known as Yashvi Hareshkumar Dhaduk

from Hareshkumar Kanjibhai Dhaduk



**મામલતદાર અને તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ બાબરા**

જન્મ/મરણ પરચુરણ અરજી.નં. ૫૨/૨૦૨૪ તા.૨૬/૦૯/૨૦૨૪

વિવાદી : શ્રી મનુભાઈ નાગભાઈ ડેરૈયા, રહે. નોંધણવદર, તા.બાબરા, જિ.અમરેલી. (મો.નં. ૯૯૭૯૭ ૭૪૭૨૨)

**વિરૂધ્ધ**

પ્રતિવિવાદી : જન્મ–મરણ નોંધણી અધિકારી–વ–તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,નોંધણવદર, તા.બાબરા, જિ.અમરેલી

**–: જાહેર નોટિસ :–**

**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે,અમરેલી જિલ્લાનાં **બાબરા** તાલુકાના **મોજે. નોંધણવદર** ગામના રહીશ આ કામના અરજદારશ્રી પુત્રી **અરૂણબેન મનુભાઈ ડેરૈયાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૯૨ના રોજ મોજે. નોંધણવદર, તા.બાબરા, જિ.અમરેલી** મુકામે થયેલ હોય જે તે સમયે તેમના **જન્મ**ની નોંધ કરાવેલ ન હોય, જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી **જન્મ**ની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં **તા.૧૦/૦૯/૨૦૨૪**થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ **જન્મનોંધ** દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત **અત્રેની કોર્ટમાં મુદત તા.૧૦/૧૦/૨૦૨૪ના રોજ બપોરનાં ૧૨:૩૦ કલાકે** વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ બાબરા**


## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૯૨ | ૧૬૭૦ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૧૧૪૦ | ૧૨૬૧ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૫૨ | ૧૧૧૦ |
| ૨ | શિંગ મોટી | ૭૦૦ | ૧૧૮૧ |
| ૩ | શિંગાદાણા ફાડા | ૧૩૦૫ | ૧૩૩૨ |
| ૪ | તલ સફેદ | ૧,૫૦ | ૨૫૫૦ |
| ૫ | તલ કાળા | ૨૫૦૦ | ૩૭૫૦ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૧૫૦ | ૩૩૧૯ |
| ૭ | બાજરો | ૪૨૫ | ૪૭૦ |
| ૮ | જુવાર | ૬૭૦ | ૭૪૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૨૪ | ૬૫૦ |
| ૧૦ | ઘઉં લોકવન | ૫૨૯ | ૬૧૬ |
| ૧૧ | મગ | ૧૦૦૦ | ૧૬૬૫ |
| ૧૨ | અડદ | ૧૦૯૦ | ૧૭૦૦ |
| ૧૩ | ચણા | ૧૨૦૦ | ૧૪૯૬ |
| ૧૪ | વટાણા | ૧૨૪૧ | ૧૨૪૧ |
| ૧૫ | તુવેર | ૧૧૯૦ | ૧૬૨૦ |
| ૧૬ | કપાસ | ૮૦૦ | ૧૬૫૦ |
| ૧૭ | એરંડા | ૧૦૬૫ | ૧૨૦૦ |
| ૧૮ | જીરૂ | ૨૨૦૦ | ૪૭૧૦ |
| ૧૯ | રાયડો | ૧૦૮૫ | ૧૦૮૫ |
| ૨૦ | ધાણા | ૧૦૦૦ | ૧૨૫૧ |
| ૨૧ | મેથી | ૧૧૦૦ | ૧૧૧૫ |
| ૨૨ | સોયાબીન | ૫૦૦ | ૮૭૫ |
| ૨૩ | રજકાનુ બી | ૧૯૦૦ | ૫૧૧૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ નવો | ૧૨૨૧ | ૧૪૬૫ |
| ૨ | એરંડા | ૧૨૦૦ | ૧૨૦૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૨૫ | ૧૫૫૨ |
| ૨ | ઘઉં | ૫૮૧ | ૫૮૧ |
| ૩ | ધાણા | ૧૧૨૫ | ૧૧૨૫ |
| ૪ | સોયાબીન | ૭૪૧ | ૭૯૨ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૦૦ | ૧૦૯૧ |
| ૨ | શીંગ મોટી | ૯૫૦ | ૧૧૩૦ |
| ૩ | તલ સફેદ | ૨૦૭૦ | ૨૭૫૦ |
| ૪ | તલ કાળા | ૩૨૨૦ | ૩૭૫૦ |
| ૫ | જીરૂ | ૪૧૦૦ | ૪૭૫૨ |
| ૬ | કપાસ | ૧૩૫૦ | ૧૬૦૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૬૭ | ૬૦૪ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૦૫ | ૬૧૫ |
| ૯ | બાજરો | ૪૨૦ | ૪૬૦ |
| ૧૦ | જુવાર | ૭૨૨ | ૭૭૦ |
| ૧૧ | મગ | ૧૦૫૨ | – |
| ૧૨ | અડદ | ૧૨૬૦ | ૧૫૦૧ |
| ૧૩ | ચણા | ૧૨૦૦ | ૧૪૦૧ |
| ૧૪ | રજકાનું બી | ૩૦૦૦ | – |
| ૧૫ | ધાણા | ૯૩૫ | ૧૨૧૦ |
| ૧૬ | સોયાબીન | ૭૮૧ | ૮૩૭ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૩૨ | ૧૬૪૮ |
| ૨ | કપાસ કોડી | ૧૦૮૦ | ૧૩૫૦ |
| ૩ | મગફળી નવી | ૮૫૦ | ૧૦૭૦ |
| ૪ | મગ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ૫ | અડદ | ૧૦૭૦ | ૧૩૩૫ |
| ૬ | જીરૂ | ૪૦૫૦ | ૪૮૧૫ |
| ૭ | ઘઉં | ૪૭૦ | ૫૫૧ |
| ૯ | તલ કાળા | ૩૦૦૦ | ૩૩૫૦ |
| ૧૦ | તલ સફેદ | ૧૮૫૦ | ૨૩૦૦ |
| ૧૧ | સોયાબીન | ૬૫૦ | ૮૩૨ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૫૬૫ |
| ૨ | ઘઉં ટુકડા | ૫૦૮ | ૫૩૩ |
| ૩ | સોયાબીન | ૬૦૦ | ૭૮૦ |
| ૪ | મગ | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ૫ | ચણા | ૧૪૧૪ | ૧૪૨૦ |
| ૬ | ચણા સફેદ | ૧૩૮૪ | ૧૩૮૪ |
| ૭ | મગફળી | ૬૫૧ | ૯૦૧ |
| ૮ | અડદ | ૧૧૧૦ | ૧૪૨૨ |
| ૯ | બાજરો | ૩૦૦ | ૩૮૬ |
| ૧૦ | જુવાર | ૪૧૦ | ૪૧૦ |
| ૧૧ | શીંગદાણા | ૧૧૭૦ | ૧૧૭૦ |
| ૧૨ | તલ સફેદ | ૧૭૦૦ | ૨૨૧૫ |
| ૧૩ | ધાણા | ૯૦૦ | ૧૨૫૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૧૮૦૧ | ૨૪૫૦ |
| ૨ | તલ કાળા | ૩૪૦૦ | ૩૪૦૦ |
| ૩ | કપાસ | ૧૧૫૦ | ૧૫૨૧ |
| ૪ | બાજરો | ૪૨૫ | ૫૨૬ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૧૦ | ૬૩૫ |
| ૬ | જુવાર | ૪૯૧ | ૮૬૧ |
| ૭ | અડદ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૮ | તુવેર | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૯ | ચણા | ૧૧૫૧ | ૧૧૫૧ |
| ૧૦ | રાય | ૮૦૦ | ૮૦૦ |
| ૧૧ | સોયાબીન | ૬૬૦ | ૭૬૦ |
| ૧૨ | ધાણા | ૮૦૦ | ૧૩૫૫ |
| ૧૩ | મોરીયો | ૧૦૦૧ | ૧૦૦૧ |

## મેંદરડા અને તાલાલા પંથકમાં રેલી, ધારીમાં આજે કોંગ્રેસની બેઠક

# ઈકોઝોનને લઈને ૩ જિલ્લાનાં નાગરિકોમાં રોષની આંધી

**આમ આદમી પાર્ટીનાં અગ્રણી પ્રવિણ રામની દ્રષ્ટીએ 'ઈકોઝોન'એટલે'લુંટો ઝોન'છે**

**એક હાથે લુંટતી સરકાર ઈકો ઝોન બાદ બે હાથે લોકોને લુંટશે**

**ઈકો ઝોનનાં નિયમોમાં ફેરફાર નહી સમગ્ર કાયદો રદ કરવા માંગ**

**ઈકો ઝોન નામનાં કાયદાને લઈને અનેક ગામમાં નારાજગીનાં માહોલ ઉભો થયો**






ગીર સોમનાથ ,જૂનાગઢ અને અમરેલી સહિતના પંથકમાં ઈકોઝોનનું જાહેરનામું બહાર પડયું છે તેને લઈને સમગ્ર વિસ્તારમાં લોકોનો ખૂબ જ વિરોધ જોવા મળી રહ્યો છે.ઈકોઝોન માટે સતત ૮ વર્ષથી લડત લડનાર એવા આપ નેતા પ્રવીણરામ આ મુદ્દે સતત પોતાનો અવાજ ઉઠાવીને આ આંદોલનને બુલંદ બનાવી રહ્યા છે. આજે 'આપ' નેતા પ્રવીણ રામે મેંદરડા તેમજ તાલાલા ખાતેની રેલીમાં હાજરી આપી અને સ્ફોટક નિવેદન આપતા ઈકોઝોનને રદ કરવા માટે અને જુના જીઆરને પણ રદ કરવા માટે પોતાની માંગણી મૂકી. ત્યારબાદ આપ નેતા જણાવ્યું હતું કે, સરકારે જે ઈકો ઝોન જાહેર કર્યો છે તે ઈકો ઝોન નહીં પરંતુ 'લૂંટો ઝોન' છે. અત્યાર સુધી એક હાથે લુંટનાર સરકાર હવે ઈકોઝોન લાવીને બે હાથે લોકોને લૂંટવા માંગે છે. પહેલા તમે રેવન્યુ વિભાગમાં લૂંટતા હતા પરંતુ હવે વન વિભાગમાં જશો ત્યાં પણ તમને લૂંટવામાં આવશે. અમે આંદોલન નિયમો હળવા કરવા માટે નહીં પરંતુ આ ઈકોઝોનને નાબૂદ કરવા માટે કરી રહ્યા છે. કોઈપણ હાલે આ ઈકો ઝોન રદ કરવામાં આવે એ જ અમારી માંગણી છે. અમારી એ પણ માગણી છે કે આ ઈકો ઝોનને નાબૂદ કરવાની સાથે સાથે જૂનો જીઆર પણ રદ કરવામાં આવે.નર્મદામાં ૨૦૧૪માં ઈકોઝોન લાગુ કરવામાં આવ્યો હતો અને ત્યાંના લોકોએ આંદોલન કર્યું અને પક્ષ વિપક્ષના દરેક લોકોએ પણ ભેગા થઈને આંદોલન કર્યું. ત્યારબાદ નર્મદાના ઈકોઝોનના પ્લાનને રદ કરવામાં આવ્યો. જો નર્મદામાં ઈકોઝોન સ્થગિત થઈ શકતો હોય તો ગીરમાં કેમ નહીં ? નર્મદામાં પણ જુનો જીઆર લાગુ નથી પડયો તો ગીર પંથકમાં પણ જુનો જીઆર લાગુ પડવો જોઈએ નહીં. અત્યાર સુધી જંગલમાં ભ્રષ્ટાચાર કર્યો તેવા મુદ્દાઓ અમે સાંભળ્યા, અમારી ગ્રાન્ટ કોઈ ખેડૂતના ખાતામાં તમે નાખીને તેને ઉપાડી ગયા તેવી વાત પણ અમે સાંભળી. અંદર કોન્ટ્રાક્ટ ચાલતા હોય તેમાં તમારો ભાગ હોય તે પણ અમે સાંભળ્યું, પણ અત્યારે નવી વાત સાંભળવા મળી કે ઈકોઝોનના ગેજેટમાંથી તમે મુદ્દા પણ ખાઈ ગયા. સરકાર આંદોલનને કમજોર કરવા માટે ગમે તેટલી કૌશિશ કરી લે પરંતુ આ વખતે ગીરના લોકો સરકાર સામે કમજોર પડવાના નથી અને કોઈપણ હિસાબે આ ઈકોઝોનને અમે રદ કરાવીને રહીશું એવી આપ નેતા પ્રવીણરામે પ્રતિક્રિયા આપી હતી અને સાથે સાથે આ રેલીને સફળ બનાવનાર તમામ આયોજકો, કિસાનસંઘના સાથીઓ, તેમજ તમામ ગામના સરપંચો અને ગ્રામજનોનો આભાર પણ માન્યો હતો

## બાબરામાં શ્રી વડલીવાળી મેલડીમાં મંદિરમાં નવરાત્રી મહોત્સવમાં ભજન ભોજન અને ભકિતનો ત્રિવેણી સંગમ સર્જાયો

બાબરા, તા.૮




બાબરામાં શ્રી વડલીવાળી મેલડીમાં મંદિરે માતાજીના પરમ ઉપાસક રાજુભાઈ જેઠવા દ્વારા નવરાત્રી મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે જેમાં ૩ વરસથી ૧૭ વરસની આશરે ૨૨૦૦ જેટલી દીકરીઓ રજિસ્ટ્રેશન કરાવી અલગ અલગ માતાજીની વેશભૂષા તેમજ અન્ય ટ્રેડિશનલ કોચ્યુમમાં માતાજીના ગરબા રમવા આવે છે આ સિવાય અન્ય મહિલાઓ ભાવિકો પણ મોટી સંખ્યામાં માતાજીના આરાધના કરવા ગરબી રમવા આવે છે.

અહીં માતાજી સન્મુખ વિશાલ મેદાનમાં આયોજીય નવરાત્રી મહોત્સવમાં સુંદર આયોજન કરવામાં આવ્યું છે જેમાં ૪૦૦૦ થી વધુ બાળ ાઓ અને મહિલાઓ ગરબે રમી રહી છે સ્થાનિક મહિલા પોલીસ તેમજ બજરંગ દલના મિત્રો દ્વારા પૂરતો બંદોબસ્ત મેદાનમાં જાળવવામાં આવી રહ્યો છે.અહીં દરોજ સાંજે માતાજીના ગરબે રમવા આવતી ૨૨૦૦ દીકરીઓ તેમજ અન્ય ભાવિકો મળી ૪ થી ૫ હજાર ભાવિકો મહાપ્રસાદનો લાભ મેળવી શકે તેવી વ્યવસ્થા માતાજી પરમ ઉપાસક રાજુભાઈ જેઠવા દ્વારા કરવામાં આવી રહી છે.

- માતાજીના નવલા નોરતમાં મોટી સંખ્યામાં લોકો મહાપ્રસાદનો લાભ મેળવી ધન્યતા અનુભવી રહ્યા છે ભજન ભોજન અને ભક્તિનો અનોખો ત્રિવેણી સંગમ સર્જાયો છે સ્થાનિક સેવક સમુદાય સહિત અનેક સેવાભાવી મંડળ પોતાની સેવા આપી રહ્યા છે.

## નવરાત્રી અને શરદપુનમ દરમિયાન પશુ-પક્ષીની બલીની માહિતી માટે અનુરોધ

# હવનાષ્ટમીએ પશુબલી ઘટનાની જાણ કરો : વિજ્ઞાન જાથા

**"ભારતમાં માનતાના નામે પશુબલી કરવી કાનુની અપરાધ..." જાથા**

અમદાવાદ, તા. ૮

ભારતમાં સદીઓથી પરંપરા, માન્યતા, રિવાજ, માનતાના નામે નૈવેધ્યમાં જીવતા પશુ–પક્ષીની બલી ચડાવવાની ગેરમાન્યતા જોવા મળે છે. અમુક જ્ઞાતિ આજે પણ પશુબલીમાં અતિ શ્રદ્ધા ધરાવે છે. નવરાત્રિમાં આઠમ, નોમ, દશેરા, પૂનમના દિવસે પશુબલી અટકાવવા ભારત જન વિજ્ઞાન જાથાએ અભિયાન આદર્યું છે. રાજયમાં પશુબલી ઘટનાના સંદભે આધાર પુરાવા સાથે માહિતી આપવા લોકોને અપીલ કરવામાં આવી છે.

જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે ભારતમાં કાયદા પ્રમાણે પશુ–પક્ષીની બલી ચડાવવી ગુન્હાને પાત્ર છે. માનતા રાખનાર, પશુ–પક્ષીની હથીયારથી હત્યા કરનારા, તેને પ્રેરનારા, ધૂણીને કે માતાજીના નામે પશુબલીનો આગ્રહ કરનારા તમામ સામે કડક કાયદાકીય કાર્યવાહીનો નિર્દેશ છે. પશુને ભુખ્યા રાખવા, વાહનમાં લાવવા, અમાનુષી ત્રાસ આપવા સંબંધી કલમો હેઠળ ગુન્હો નોંધવામાં આવે છે. સરકારે એક પણ જ્ઞાતિ–સમાજને પશુબલી માટે માન્યતા આપી નથી કે કોઈપણ પ્રકારનો પરિપત્ર અસ્તિત્વમાં નથી. છતાં જાથાની જાણમાં આવ્યું છે કે પશુબલી મંજુરી સંબંધી પરિપત્રના અનેક સોગંદનામા કરી અંધમાન્યતામાં શ્રદ્ધા ધરાવતા લોકો પોતાની પાસે રાખી પશુબલી કોઈ અટકાવી શકે નહિ તેવો વિશ્વાસ રાખે છે વાસ્તવમાં ખોટો છે. આજે પણ કોઈપણ વ્યકિત, નાગરિક, જાગૃતો સરકારી તંત્રને જાણ કરે કે તુરંત પશુબલી અટકાવવા પોલીસ તંત્ર પહોંચી જાય છે. પશુબલી મંજુરી સંબંધી પરિપત્ર સંપુર્ણ ખોટો, બેબુનિયાદ, અસ્તિત્વ ધરાવતો ન હોય નિર્દોષ શ્રદ્ધાળુ કાયદાની ચુંગાલમાં ફસાય જાય નહિ તેવી જાથા માહિતી આપે છે.

વધુમાં જાથાના જયંત પંડયા જણાવે છે કે જાથાએ પશુબલી અટકાવવા દેશવ્યાપી અભિયાન આદર્યુ છે. નવરાત્રિમાં હવનાષ્ટમી, નોમ, દશેરા, પૂનમના દિવસે આજે પણ અમુક જ્ઞાતિ માનતા પ્રમાણે પશુબલીનો ધાર્મિક કાર્યક્રમ, માંડવો રાખે છે તે અટકાવવા જાથા કટિબદ્ધ છે. માહિતી આપનારનું નામ ગુપ્ત રાખવામાં આવશે તેમણે આધાર–પુરાવા સાથે માહિતી આપ્યા પછી ખરાઈ કરવામાં આવે છે. ત્યાર બાદ અટકાવવા સંબંધી તંત્રને સાથે રાખી કાર્યવાહી કરવામાં આવશે. જાથાના અનુભવ પ્રમાણે અંગત રાગ–દ્વેષના કારણે હેરાન કરવાવાળા ખોટી માહિતી આપે છે. જાથા કોઈપણ સમાજની લાગણી દુભાવવા માંગતું નથી. આજ સુધી કોઈપણની ધાર્મિક લાગણી દુભાવી નથી. કાયદાની મર્યાદામાં કામગીરી કરવામાં આવે છે. રાજયમાં પશુબલી ઘટના સંદર્ભે માહિતી સરકારી તંત્ર અને વિજ્ઞાન જાથાને આપી નિર્દોષ પશુ–પક્ષીની હત્યા અટકાવવામાં નાગરિક ધર્મ બજાવવા લોકોને અપીલ કરવામાં આવે છે.વધુમાં પંડયા જણાવે છે કે પશુ–પક્ષીની બલી ચડાવવી સામાજિક કલંક છે. નિર્દોષ પશુની હત્યાના બદલે મીઠા નિવેધ્ય શાકાહારી કરી શકાય છે. અમુક જ્ઞાતિએ ફેરફાર કરીને પશુબલી સદંતર બંધ કરી દીધી છે તેને જાથા આવકારે છે. અમુક ભુવા–માનતાનું જડતાપૂર્વક વર્તન કરી, માતાજી નારાજ, કોપાયમાન થાય તેવો ડર–ભાય બતાવી પશુબલીનો આગ્રહ રાખે છે તેમાં ફેરફાર કરાવવો જ્ઞાતિના સમાજ સુધારકની ફરજ છે.

રાજયમાં જિલ્લા કક્ષાની કાર્યવાહી કમિટી બનાવી છે તે જીલ્લામાં રાજકોટ, અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, પાલનપુર, ખેડા, નડીયાદ, આણંદ, વડોદરા, ભરૂચ, અંકલેશ્વર, સુરત, બારડોલી, નવસારી, વલસાડ, વાપી, ડાંગ, આહવા, ગોધરા, પંચમહાલ, ભુજ–કચ્છ, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, જુનાગઢ, અમરેલી, બોટાદ, સુરેન્દ્રનગર, ભાવનગર, અરવલ્લી, તાપી, રાજપીપળા વિગેરે જિલ્લા–તાલુકા મથકોએ માનતાના નામે પશુબલીની ઘટના સંદર્ભે કામગીરી સંભાળશે. જાથાના રાજુભાઈ યાદવ, નિર્ભય જોશી, રવિ પરબતાણી, પ્રમોદ પંડયા, નાથાભાઈ પીપળ ીયા, મહેશ પટેલ, કિશોરગીરી ગોસાઈ, અંકલેશ ગોહિલ, ભાનુબેન ગોહિલ વિગેરે સદસ્યો જિલ્લા મથકોએ આવેલી માહિતીની ખરાઈ કરી પશુબલી અટકાવવા સંબંધી કાર્યવાહી કરવાના છે તે સંબંધી પુરાવા સાથે જીવદયા પ્રેમીઓએ માહિતી આપવી.

અંતમાં પશુબલીની આધાર પુરાવા સાથે માહિતી મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ આપવા અનુરોધ છે.

## જમ્મુ કાશ્મીરમાં કોંગ્રેસ-NCનો વિજય

# હરિયાણા વિધાનસભાની ચૂંટણીમાં પ્રચંડ બહુમતી સાથે ભાજપની હેટ્રિક

**હરિયાણા વિધાનસભામાં જનતાએ સૈની પર ભરોસો વ્યક્ત કર્યો : પીએમ મોદીએ સૈનીને આપી શુભેચ્છા : જમ્મુ-કાશ્મીરમાં ભાજપે ૨૯ બેઠકો જીતી**

નવી દિલ્હી, તા.૮

હરિયાણા ૨૦૨૪ વિધાનસભા ચૂંટણી માટે ૫ ઑક્ટોબરે મતદાન થયું હતું. ત્યારે આજે (૮ ઑક્ટોબર) ચૂંટણી પરિણામો જાહેર થયા છે. હરિયાણામાં પ્રચંડ બહુમતી સાથે ભાજપની હેટ્રિક જોવા મળી રહી છે. બીજી તરફ ચૂંટણી પરિણામોમાં જિંદ જિલ્લાની જુલાના બેઠક સૌથી વધુ ચર્ચામાં હતી, કારણ કે અહીંથી વિનેશ ફોગાટ ચૂંટણી લડી રહી હતી. ત્યારે હવે વિનેશ ફોગાટની ૬ હજાર મતથી જીત થઈ છે. ત્યારે હવે વડાપ્રધાન મોદી સાંજે ૭:૩૦ વાગ્યે દિલ્હીમાં ભાજપ કાર્યલય પહોંચશે. હરિયાણામાં ત્રીજી વખત વિધાનસભા ચૂંટણી જીતવા પર વડાપ્રધાન મોદી પાર્ટી કાર્યકર્તાઓને સંબોધિત કરશે.

વડાપ્રધાન મોદીએ હરિયાણામાં ભાજપની જીત માટે નાયબ સૈનીને ફોન કરીને શુભેચ્છા પાઠવી છે. આ સિવાય લાડવા વિધાનસભા બેઠકથી જીત મેળવ્યા બાદ હરિયાણાના મુખ્યમંત્રી નાયબ સિંહ સૈનીનું કહેવું છે કે, 'હું પ્રમાણ પત્ર લેવા જઈશ અને પછી જ્યોતિસર મંદિરમાં ભગવાન કૃષ્ણની પૂજા કરીશ. હરિયાણાના ૨.૮૦ કરોડ લોકોએ આ સરકારને ચૂંટી છે અને અમે પીએમ મોદીના નેતૃત્વમાં આગળ વધીશું.' હરિયાણા વિધાનસભા ચૂંટણી પરિણામોના વલણમાં ભાજપને બહુમતી મળી છે. જેને લઈને ગુરુગ્રામમાં ભાજપના કાર્યકર્તાઓએ ફટાકડા ફોડીને ઉજવણી અને એકબીજાને અભિનંદન આપવાનું શરુ કર્યુ હતું. કોંગ્રેસના નેતા જયરામ રમેશે કહ્યું કે, લોકસભા ચૂંટણીની જેમ હરિયાણામાં પણ ચૂંટણી પંચ ધીમી ગતિએ ડેટા અપડેટ કરી રહ્યું છે. શું ભાજપ જૂના ડેટા અને ભ્રામક વલણો દ્વારા વહીવટીતંત્ર પર દબાણ લાવવા માંગે છે? હાલના વલણો અનુસાર હરિયાણામાં ભાજપ સતત ત્રીજી વખત સરકાર બનાવવા જઈ રહ્યું છે. હરિયાણામાં શહેરી બેઠકો પર ભાજપનો દબદબો જોવા મળી રહ્યો છે. ૩૦ શહેરી બેઠકોમાંથી ૨૧ પર ભાજપ આગળ છે. લગભગ ૭૦ ટકા શહેરી મતદારો ભાજપ સાથે જોવા મળે છે. કોંગ્રેસ માત્ર ૭ શહેરી બેઠક પર આગળ છે. પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના ઉમેદવાર ભૂપિન્દર સિંહ હુડ્ડાનું કહેવું છે કે, 'વર્તમાન વલણ અનુસાર કોંગ્રેસ સરકાર બનાવવા જઈ રહી છે. પાર્ટી હાઈકમાન્ડ મુખ્યમંત્રીનો ચહેરો નક્કી કરશે. કોંગ્રેસ પોતાની બહુમતી લાવશે. આનો શ્રેય રાહુલ ગાંધી, મલ્લિકાર્જુન ખડગે, પાર્ટીના તમામ નેતાઓ અને હરિયાણાના લોકોને જશે.' હરિયાણામાં મત ગણતરીના પ્રારંભિક વલણો કોંગ્રેસની તરફેણમાં હતા અને પક્ષને સંપૂર્ણ બહુમતી મળી રહી હતી, પરંતુ અચાનક ચિત્ર બદલાઈ જતાં ભાજપ આગળ વધી રહ્યું છે. તેમ છતાં કુમારી શૈલજાએ હરિયાણામાં કોંગ્રેસની સરકાર બનાવવાનો દાવો કર્યો છે. અંબાલા બેઠક પરથી ભાજપના ઉમેદવાર અનિલ વિજે જણાવ્યું હતુ કે, 'હરિયાણામાં ભાજપની સરકાર બની રહી છે. મુખ્યમંત્રી પદના ચહેરા પર નિર્ણય હાઈકમાન્ડ દ્વારા લેવામાં આવશે.' હરિયાણામાં મોટી ઉથલપાથલ થતી જોવા મળી રહી છે. ભાજપે પહેલીવાર બહુમતીનો આંકડો પાર કર્યો છે. હરિયાણાની તમામ ૯૦ બેઠકના વલણોમાં કોંગ્રેસની જબરદસ્ત લહેર જોવા મળી રહી છે. કોંગ્રેસને બે તૃતિયાંશ બહુમતી મળી છે. કોંગ્રેસના નેતા પવન ખેરાએ હરિયાણા અને જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણી પર કહ્યું, 'અમને વિશ્વાસ છે કે આજે અમને દિવસભર લાડુ અને જલેબી ખાવા મળશે, અમે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પણ જલેબી મોકલવાના છીએ. અમને વિશ્વાસ છે કે જમ્મુ અને કાશ્મીર અને હરિયાણામાં બહુમતી સાથે સરકાર બનાવવા જઈ રહ્યા છીએ.' હરિયાણામાં મતગણતરી વચ્ચે દિલ્હીમાં કોંગ્રેસના કાર્યકરોમાં સંભવિત જીતને લઈને ઉત્સાહ છે. કોંગ્રેસ કાર્યાલયની બહાર પાર્ટીના કાર્યકરો મીઠાઈ વહેંચી રહ્યા છે. શરુઆતના વલણોમાં કોંગ્રેસને હરિયાણામાં બહુમતી મળી છે. કોંગ્રેસને આ વખતે હરિયાણામાં બમ્પર જીતનો પૂર્ણ આત્મવિશ્વાસ હતો. શરુઆતી વલણમાં જ લીડ મળી જતાં કોંગ્રેસના કાર્યકરો ઉત્સાહમાં આવી ગયા હતા અને ઉજવણી શરુ કરી હતી. કૈથલ બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર આદિત્ય સુરજેવાલાએ ચૂંટણી પરિણામો પહેલાં દાવો કર્યો હતો કે કોંગ્રેસ આ વખતે ૭૦ બેઠકો જીતશે અને ૧૦ વર્ષના ભ્રષ્ટાચારના શાસનનો અંત આવશે. હરિયાણાના મુખ્યમંત્રી તથા ભાજપ નેતા નાયબ સૈનીએ મતગણતરી અગાઉ કહ્યું હતું કે, મને વિશ્વાસ છે કે ભાજપને જીત મળશે. અમારી સરકાર લોકોના કામ કરતી રહેશે.દરમિયાન, જમ્મુ અને કાશ્મીર ચૂંટણીમાં કોંગ્રેસ-નેશનલ કોન્ફરન્સ (NC) ગઠબંધને ૧૦ વર્ષમાં પ્રથમ વખત જમ્મુ અને કાશ્મીરમાં અડધી બેઠકો મેળવી છે. આ ગઠબંધન ૪૯ થી વધુ બેઠકો સાથે તેની મજબૂત લીડ જાળવી રહ્યું છે, જ્યારે ભાજપે અત્યાર સુધીમાં ૨૯થી વધુ બેઠકો જીતી છે. ભારે સુરક્ષા બંદોબસ્ત સાથે સવારે ૮ વાગ્યાથી મતગણતરી શરૂ થઈ હતી. જો કે અહીં ભાજપને હારનો સામનો કરવો પડી રહ્યો છે. પરંતુ તેમ છતાં ભાજપ પાસે ખુશ થવાનું કારણ છે.

કોંગ્રેસ-નેશનલ કોન્ફરન્સ ગઠબંધન કરતાં ભાજપ પાસે વધુ મત ટકાવારી છે. ભાજપને ૨૫.૬૬ ટકા મત મળ્યા છે. જ્યારે નેશનલ કોન્ફરન્સને ૨૩.૪૪ ટકા વોટ મળ્યા છે. કોંગ્રેસની વાત કરીએ તો અહીં કોંગ્રેસને ૧૧.૯૫ ટકા મત મળ્યા છે. આ સંદર્ભમાં ભાજપને ખુશ થવાનું કારણ મળ્યું છે.જમ્મુ અને કાશ્મીરમાં ૧૦ વર્ષ બાદ ૧૮મી સપ્ટેમ્બર, ૨૫મી સપ્ટેમ્બર અને પહેલી ઓકટોબરે ત્રણ તબક્કામાં ૯૦ વિધાનસભા મતવિસ્તારો માટે વિધાનસભા ચૂંટણી યોજાઈ હતી. ઓગસ્ટ ૨૦૧૯માં કલમ ૩૭૦ નાબૂદ કર્યા પછી જમ્મુ અને કાશ્મીરમાં પ્રથમ વખત વિધાનસભાની ચૂંટણીઓ યોજાઈ રહી છે, જેણે અગાઉના રાજ્યને જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખના કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિભાજિત કર્યું હતું.ભારતના ચૂંટણી પંચ અનુસાર, ત્રણ તબક્કામાં યોજાયેલી ચૂંટણીમાં ૬૩.૮૮% મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. જમ્મુ-કાશ્મીર નેશનલ કોન્ફરન્સ અને કોંગ્રેસે ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણી એકસાથે લડવાનો નિર્ણય કર્યો છે. બીજી તરફ પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (PDP) અને ભાજપ અલગ-અલગ ચૂંટણી લડી હતી. જમ્મુ અને કાશ્મીરમાં પીડીપી અને ભાજપ ગઠબંધન જૂન ૨૦૧૮ માં તૂટી ગયું, જ્યારે ભાજપે મહેબૂબા મુફ્તીનીં ઢુંમાંથી સમર્થન પાછું ખેંચ્યું. અલગ થયા બાદ તત્કાલીન રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે આ વિસ્તારમાં રાજ્યપાલ શાસન લાદી દીધું હતું.


અમરેલી મોઢવણિક કોમ્યુનિટી પ્રોપર્ટી તથા શ્રી નાગરદાસ ધનજી સંઘવી ટ્રસ્ટ સંચાલિત

**સુદર્શન નેત્રાલય - અમરેલી**

ના સંયુકત ઉપક્રમે વિનામૂલ્યે નેત્રનિદાન તથા નેત્રમણી આરોપણ કેમ્પ

| તારીખ | : સ્થળ : | સમય |
|---|---|---|
| ૧૦/૧૦/૨૦૨૪ ગુરૂવાર | મોઢ મહાજન વાડી, રાજકમલ ચોક અમરેલી | બપોરનાં ૩:૦૦થી ૫:૦૦ કલાક સુધી |

: કેમ્પ આ કેમ્પમાં મળનારી સુવિધાઓ :

(૧) આ કેમ્પમાં મોતિયાનાં ટાંકા વગરનાં ઓપરેશન કરી નેત્રમણી 'વિનામૂલ્યે' બેસાડી દેવામાં આવશે.
(૨) મોતિયાનાં ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીઓને તે જ દિવસે સુદર્શન નેત્રાલય અમરેલીમાં દાખલ કરવામાં આવશે. મોતિયાનાં ઓપરેશન માટે દાખલ થનાર માત્ર દર્દી માટે દવાઓ, આવવા-જવાની, રહેવાની, જમવાની, કાળા ચશ્મા સુદર્શન નેત્રાલય તરફથી વ્યવસ્થા કરી આપવામાં આવશે.
(૩) શ્વાસ, બી.પી., ડાયાબિટીસ, હૃદયના કે કોઈપણ રોગનાં દર્દીએ પોતાની ચાલુ દવાઓ તથા રિપોર્ટ કેમ્પમાં સાથે લાવવા.

નોંધ : મોતીયાનાં દર્દીઓએ ફોન નંબર તથા આધારકાર્ડ અથવા ચૂંટણી કાર્ડની ૨ ઝેરોક્ષ નકલ સાથે લાવવી ફરજીયાત છે. આ કેમ્પ દર મહિનાના બીજા ગુરૂવારે એક વર્ષ સુધી શરૂ રહેશે. કેમ્પમાં જ્ઞાતિ જાતિનાં ભેદભાવ રાખવામાં આવશે નહી.

**વિશેષ માહિતી માટે મોઢ મહાજન વાડી, રાજકમલ ચોક અમરેલી, સુદર્શન નેત્રાલય, ભગવતી ચોક, માણેકપરા અમરેલી**

સંજયભાઈ પરીખ મો.૯૪૯૯૭ ૮૮૦૧૭ | નીલેશભાઈ ભીલ મો.૯૬૦૧૮ ૫૨૬૦૩ | પ્રમુખ દિલીપભાઈ એ.પરીખ

શુભેચ્છક મોઢયુવક મંડળ - અમરેલી / પારેખ રણછોડદાસ દેવચંદ વિદ્યાર્થી ગૃહ - અમરેલી

## નાગરિક બેન્કમાં પ્રથમવાર ઐતિહાસિક વિજય મેળવ્યા બાદ

# બાબરા : નાગરિક બેન્કનાં ચેરમેન પદે હસુભાઈ પોપટની વરણી

સ્વ. ભગુભાઈ ખખ્ખર દ્વારા ૪૦ વર્ષ પહેલા સ્થપાયેલ બેન્કનો વિકાસ કરવાનો નિર્ધાર

બેન્કનાં સભાસદો અને ગ્રાહકોનાં હિતમાં કામગીરી કરવાની જાહેરાત કરી

જરૂરિયાતમંદોને રોજગારી માટે ઝડપથી નાણા મળી રહે તે માટે પ્રયત્ન કરાશે

બેન્કનાં તમામ ડાયરેક્ટરને વિશ્વાસમાં લઈને બેન્કને આધુનિકતાનો ઓપ અપાશે



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૮

બાબરા શહેરની વર્ષોજુની અનેએકમાત્ર સહકારીસંસ્થા નાગરિક સહકારી બેન્ક ની ચૂંટણી ગત તા. ૨૯ સપ્ટેમ્બર નાંરોજ પૂર્ણથઈ જેમાં કુલ ૧૩ ડિરેકટર બેઠકમાંથી હસુભાઈ પોપટની સ્વસ્તિક પેનલના ૧૨ ડિરેકટર જંગી લીડથીવિજેતાબન્યાહતાજેમાંપેનલના મુખ્યઅગ્રણીહસુભાઈ પોપટ ૬૯૪મત મેળવીટોપ પર રહ્યાહતા.

ગત મોડી સાંજે નાગરિક બેન્કમાં નવ નિયુકત બોર્ડ ઓફ ડિરેકટરની બેઠક મળી હતી જેમાં હસુભાઈ પોપટની ચેરમેન તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી જેને તમામ બોર્ડ ઓફ ડિરેકટર તેમજ સમર્થકો દ્વારા આવકારી શુભેચ્છાઓ પાઠવી હતી. બોર્ડમાં વાઈસ ચેરમેનની ચૂંટણી મુલત્વી રાખવામાં આવી હતી જે આગામી બે માસની અંદર નક્કી કરવામાં આવશે.

બાબરા લોહાણા સમાજના અગ્રણી તેમજ જય જલારામ મંદિર

અનુસંધાન પાના ૬ ઉપર




### પાક ધિરાણનાં ખાતા ધારકનાં નાણા ઉપાડી લીધા

## રાજુલાની રાષ્ટ્રીયકૃત બેન્કનાં એક કર્મચારીએ ૮ લાખની ઉચાપત કરી

### પોલીસે આરોપી સુરેશકુમાર વિરૂધ્ધ ફરિયાદ નોંધી

અમરેલી, તા. ૮

રાજુલા ગામે આવેલ એક નેશનલાઈઝબેન્કનાકર્મચારીએપોતાના હોદ્દાનોદુરૂપયોગકરીઅનેબદદાનતથી પોતાનો આર્થિક લાભ મેળવવા માટે રાજુલાપંજાબનેશનલબેન્કતથાબેન્કના પાક ધિરાણના ખાતા ધારક સાથે વિસઘાત કરી કુલ રૂપિયા ૮ લાખ નાણાની ઉચાપત કર્યાની નેશનલાઈઝ બેન્કના કર્મચારી સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

અમદાવાદ ખાતે આવેલ શાલીગ્રામ લેકવ્યુ, બાલાજી વિન્ડ પાર્ક સામે, વૈષ્ણોદેવી મંદિર પાસે રહેતા આરોપીસુરેશકુમાર અંબાશંકર ધાંધલા નામનાઆરોપીએસને૨૦૧૭–૧૮માં રાજુલા ગામે આવેલ પંજાબ નેશનલ બેન્કમાં હેડ કેશીયર તરીકે નોકરી કરતા હોય. તે દરમ્યાન તેમણે પંજાબ નેશનલ બેન્કમાં પતુભાઈ ભુરાભાઈ ભુકણ (રહે. દાઢીયાળી, તા. ખાંભા) વાળાની જમીનઉપરપાકધિરાણનીરકમરૂપિયા ૪,૦૦,૦૦૦નીલોનઆપીબાદ પોતે પોતાનીમેળે પાકધિરાણધારકપાસેથી કોઈ મંજુરી કે આધાર પુરાવા મેળવ્યા વગર ગત તા. ૩/૩/૧૮ ના રોજ પાક ધિરાણ લોનની રકમમાં રૂપિયા ૪,૦૦,૦૦૦ થી વધારી રૂપિયા ૯,૦૦,૦૦૦ ની કરી લોનની રકમની લીમીટમાં રૂપિયા ૫,૦૦,૦૦૦ નો વધારો કરી તેમજ આરોપી બેન્ક કર્મીએ ફરી એક વખત ગત તા. ૧૮/૫/૧૮ ના રોજ પોતે પોતાની મેળે પાકધિરાણધારક પાસેથી કોઈ મંજુરી કે આધાર પુરાવા

અનુસંધાન પાના ૬ ઉપર

### રાજુલા નજીક આવેલ

## નાના મોભીયાણા ગામે આવેલ મંદિરમાંથી ૧.૩૦ લાખની રોકડની ચોરી

### પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૮

મુળ મહુવા તાલુકાના ભાદ્રોડ ગામના વતની અને હાલ સુરતના પરવત પાટીયા, મગુબ ગામ શાંતી વિહાર સોસાયટીમાં રહેતા વશરામભાઈ દુદાભાઈ કાતરીયા નામનાં ૭૩ વર્ષિય વૃધ્ધના રાજુલા તાલુકાના નાના મોભીયાણા ગામે આવેલ કુળદેવીમાં ખોડિયાર માતાજીના મંદિરમાંથી તા. ૭ ના રોજ કોઈ અજાણ્યો ચોર ઈસમ મંદિરના ગર્ભગૃહની આગળની જાળીનું તાળુ અને દાનપેટીનુ તાળુ ખોલી દાનપેટીમાં રહેલ રોકડ રકમ આશરે રૂપિયા ૧,૩૦,૦૦૦ કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.










*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)